# રાજકોટ મિરર

RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 192 Dt. 1-11-2024 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT







### સૈન્ય જયરે જુસ્સાથી ગર્જના કરે છે ત્યારે આતંકના માસ્ટર્સ ધ્રૂજી જાય છે

# સૈન્યમાં અતુટ ઈચ્છાશક્તિ-બહાદુરીની પરાકાષ્ઠાની ઝલક : PM

## કચ્છમાં સૈનિકો સાથે દિવાળીની ઉજવણી કરી વડાપ્રધાને સૈનિકોની હિંમતને આપી સલામી અને દિવાળીની શુભેચ્છા પાઠવી

નવીદિલ્હી, તા. ૩૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય એકતા દિવસના કાર્યક્રમમાં આગામી દિવસો માટે સરકારનો એજન્ડા સ્પષ્ટ કર્યો હતો, ત્યારે કચ્છમાં સૈનિકો સાથે દિવાળીની ઉજવણી કરતાં સૈનિકોની હિંમત અને હિંમતને સલામ કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આક્રમક અંદાજમાં કહ્યું કે આજે દેશમાં એવી સરકાર છે જે દેશની સરહદની એક ઇંચ જમીનમાં પણ સમાધાન કરી શકતી નથી. તેથી, આજે જ્યારે અમને આ જવાબદારી મળી છે, ત્યારે અમારી નીતિઓ અમારા દળોના સંકલ્પો અનુસાર બનાવવામાં આવે છે. અમે દુશ્મનની વાતો સાંભળતા નથી. સૈનિકોમાં ઉત્સાહ જગાવતા પીએમ મોદીએ કહ્યું કે તમારી આ અતુટ ઈચ્છાશક્તિ, તમારી આ અપાર બહાદુરી, બહાદુરીની પરાકાષ્ઠા છે. જ્યારે દેશ તમારી તરફ જુએ છે, ત્યારે તે સુરક્ષા અને શાંતિની ગેરંટી જુએ છે. જ્યારે દુનિયા તમારી તરફ જુએ છે, ત્યારે તે ભારતની તાકાત જુએ છે અને જ્યારે દુશ્મન તમારી તરફ જુએ છે, ત્યારે તે તેની ખરાબ યોજનાઓનો અંત જુએ છે. જ્યારે તમે જુસ્સાથી ગર્જના કરો છો, ત્યારે આતંકના માસ્ટર્સ ધ્રૂજી જાય છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે પીએમ મોદીએ સૈનિકોને કહ્યું કે હું તમને અને ભારત માતાની સેવામાં તૈનાત દેશના દરેક સૈનિકોને દિવાળીની ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું. મારી શુભકામનાઓમાં તમારા પ્રત્યે ૧૪૦ કરોડ દેશવાસીઓનો કૃતજ્ઞતા અને તેમનો આભાર પણ સામેલ છે. પીએમ મોદીએ વધુમાં કહ્યું કે માતૃભૂમિની સેવા કરવાનો આ મોકો મળવો એ ખૂબ જ ગૌરવની વાત છે. આ સેવા સરળ નથી. જેઓ માતૃભૂમિને સર્વસ્વ માને છે તેમની આ આધ્યાત્મિક પ્રથા છે. આ ભારતમાતાના પુત્ર-પુત્રીઓની તપસ્યા અને તપ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના કચ્છમાં BSF જવાનો સાથે દિવાળીની ઉજવણી કરી હતી. પીએમ મોદી કચ્છના સરક્રીક વિસ્તારના લક્કી નાળા પહોંચ્યા. આ જગ્યા તદ્દન દુર્ગમ અને મુશ્કેલ છે. છેલ્લા વર્ષોમાં અહીંથી ડ્રગ્સની ઘૂસણખોરી થઈ રહી છે. તેને ડ્રગપથ તરીકે પણ ઓળખવામાં આવે છે પરંતુ કેન્દ્ર સરકારે છેલ્લા કેટલાક વર્ષોમાં અહીં દેખરેખ વધારી છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અગાઉ કચ્છ જિલ્લામાં ભારત-પાકિસ્તાન સરહદ નજીક બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF), આર્મી, નેવી અને એરફોર્સના જવાનો સાથે દિવાળીની ઉજવણી કરી હતી. બીએસએફના એક અધિકારીએ જણાવ્યું કે, એકતા નગરથી કચ્છના કોટેશ્વર પહોંચ્યા બાદ વડાપ્રધાન મોદી સરક્રીક વિસ્તારમાં લક્કી નાળા પહોંચ્યા. તેમણે જવાનોને મીઠાઈ ખવડાવીને દિવાળીની ઉજવણી કરી હતી. BSF યુનિફોર્મમાં સજ્જ મોદીએ પેટ્રોલિંગ જહાજમાં જવાનોને મીઠાઈ પીરસવામાં આવી હતી. આ પહેલા પીએમ મોદીએ સવારે પોતાના એકતા દિવસના સંબોધનમાં પોતાના ઈરાદા સ્પષ્ટ કર્યા હતા. પીએમએ કહ્યું હતું કે દેશ વન નેશન વન ઈલેક્શન અને સેક્યુલર સિવિલ કોડ તરફ આગળ વધી રહ્યો છે. આ અંગે કામ ચાલી રહ્યું છે. વડાપ્રધાને દેશના પ્રથમ ગૃહમંત્રી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ પર એકતા નગરમાં 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' પર પુષ્પાંજલિ અર્પણ કરી હતી.



### વડાપ્રધાન દર વર્ષે દિવાળીની ઉજવણી સૈન્ય સાથે જ કરે છે

ગુજરાતના કચ્છ જિલ્લામાં ભારત-પાકિસ્તાન સરહદ નજીક બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF), આર્મી, નેવી અને એરફોર્સના જવાનો સાથે દિવાળીની ઉજવણી કરી. બીએસએફના અધિકારીએ જણાવ્યું કે, એકતા નગરથી કચ્છના કોટેશ્વર પહોંચ્યા બાદ પીએમ મોદી સરક્રીક વિસ્તારમાં લક્કી નાળા પહોંચ્યા. તેમણે જવાનોને મીઠાઈ ખવડાવીને દિવાળીની ઉજવણી કરી હતી. અધિકારીએ એક વીડિયો શેર કર્યો છે. જેમાં BSF યુનિફોર્મ પહેરેલા નરેન્દ્ર મોદી પેટ્રોલિંગ વેસલ પર જવાનોને મીઠાઈ આપતા જોવા મળ્યા હતા. અગાઉના દિવસે, વડાપ્રધાને ભારતના પ્રથમ ગૃહમંત્રી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ પર એકતા નગરમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી પર પુષ્પાંજલિ અર્પણ કરી હતી. જ્યારથી પીએમ મોદીએ દેશની સત્તા સંભાળી છે ત્યારથી તેઓ દરેક વખતે સેનાના જવાનો સાથે દિવાળીનો તહેવાર ઉજવે છે. તેઓ જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે પણ તેમણે સૈનિકો સાથે દિવાળીની ઉજવણી કરી હતી.

# ઈઝરાયેલ-ઈરાન વચ્ચે વધ્યો તણાવ

## ઈઝરાયેલ અને અમેરિકા બંનેએ ઈરાનને ચેતવણી આપી છે કે તે ફરીથી ઈઝરાયેલ પર હુમલો કરવાની ભૂલ ન કરે

નવીદિલ્હી, તા. ૩૧

ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે તણાવ ઘણો વધી ગયો છે. બંને દેશો સતત એકબીજાને ખુલ્લા પડકારો આપી રહ્યા છે. છેલ્લા ૧ મહિનામાં બંને દેશોએ એકબીજા પર મિસાઈલ હુમલા કર્યા છે. ૨૫ ઓક્ટોબરની રાત્રે ઈઝરાયેલે ઈરાન પર હવાઈ હુમલો કર્યો હતો. શનિવારની વહેલી સવારે ૧૦૦ ઈઝરાયેલના ફાઈટર પ્લેન ઈરાનના આકાશમાં પ્રવેશ્યા અને ઝડપી બોમ્બ ધડાકા કર્યા. ઈઝરાયેલે આ હુમલાને 'ઓપરેશન ડેઝ ઓફ રેપેન્ટન્સ' નામ આપ્યું છે. દરમિયાન ઈરાને ઈઝરાયેલને ધમકી આપી છે કે ઈરાન અમેરિકી રાષ્ટ્રપતિની ચૂંટણી પહેલા ઈઝરાયેલ પર મોટો હુમલો કરી શકે છે.

જો કે, ઈઝરાયેલ અને અમેરિકા બંનેએ ઈરાનને ચેતવણી આપી છે કે તે ફરીથી ઈઝરાયેલ પર હુમલો કરવાની ભૂલ ન કરે. ઈઝરાયેલે તો ત્યાં સુધી કહ્યું છે કે જો ઈરાન ઈઝરાયેલની ધરતી પર એક પણ મિસાઈલ છોડશે તો ઈરાનને ભારે પરિણામ ભોગવવું પડી શકે છે. ઈરાનના એક અધિકારીએ દાવો કર્યો છે કે ઈરાન ૫ નવેમ્બરે યુએસ પ્રમુખપદની ચૂંટણી પહેલા 'નિર્ણાયક અને બળવાન' હુમલો કરવાની તૈયારી કરી રહ્યું છે. ૧ ઓક્ટોબરના રોજ ઈરાને ઈઝરાયેલ પર ૧૮૦ થી વધુ મિસાઈલો છોડી હતી. મોટાભાગની મિસાઈલોને ઈઝરાયેલની સંરક્ષણ પ્રણાલી દ્વારા નષ્ટ કરવામાં આવી હતી. આ પછી ઈઝરાયેલે ઈરાનને ગંભીર પરિણામોની ચેતવણી આપી હતી.

ઈરાન પર હવાઈ હુમલા બાદ ઈઝરાયેલ હવે જવાબી કાર્યવાહીથી ડરી રહ્યું છે. ઈઝરાયેલને ડર છે કે મિસાઈલ ઉત્પાદન સુવિધાઓ સહિતના સૈન્ય લક્ષ્યો પર સફળ હુમલા બાદ ઈરાન ઈઝરાયેલ સામે હુમલો કરશે, ઈઝરાયેલના સમાચાર આઉટલેટ ધ જેરૂસલેમ પોસ્ટે રાષ્ટ્રીય સુરક્ષા સૂત્રોને ટાંકીને જણાવ્યું હતું. ઈરાને દાવો કર્યો છે કે ઈઝરાયેલ દ્વારા છોડવામાં આવેલી મિસાઈલોથી વધારે નુકસાન થયું નથી. પરંતુ, ઈઝરાયેલનો દાવો છે કે ૨૫ ઓક્ટોબરે થયેલા હુમલામાં ચાર ઈરાની સૈનિકો માર્યા ગયા હતા.



### કરચોરી કરતા જ્વેલર્સની દિવાળી બગડી

# રાજકોટ સહિતના શહેરોમાં GST વિભાગને મળી સફળતા

## જ્વેલર્સ પરના દરોડામાં ૨.૭૦ કરોડની કરચોરી આવી સામે : દિવાળી બાદ ફરી હાથ ધરાશે ઓપરેશન

રાજકોટ, તા. ૩૧

સમગ્ર રાજ્યમાં હાલ જીએસટીના દરોડા જોવા મળ્યા . મહત્વનું એ છે કે દિવાળી એક તરફ હરસોલાસનો તહેવાર છે તો સામે આ વખતે સેન્ટ્રલ એજન્સી દ્વારા દિવાળીના દિવસે જ સોની વેપારીઓ પર તવાઈ બોલાવી હતી. મળતી માહિતી મુજબ રાજકોટ સહિત સુરત અમદાવાદ અને અન્ય શહેરોમાં સ્ટેટ જીએસટી વિભાગ દ્વારા કરચોરી અંગે તપાસ હાથ ધરવામાં આવી હતી જેમાં બાદ બિના આધારે એ વાતની સ્પષ્ટતા થઈ કે આ જ્વેલર્સ કાચી ચિઠ્ઠી ઉપર હાલ વેપાર કરી રહ્યા છે ત્યારે તપાસના અંતે રૂપિયા ૨.૭૦ કરોડની કરચોરી પણ પકડાય છે.

આ અંગે જીએસટી વિભાગના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર રાજ્યમાં જીએસટી કરચોરી અંગે એક નહીં અનેકવિધ ફરિયાદો અને બાતમી મળી હતી જે બાદ એ વાતની સ્પષ્ટતા થઈ કે બિલ વિનાના વેચાણનો અટકાવવા માટે વિભાગને અનેક ફરિયાદો મળી તો બીજી તરફ રાજ્યના જ્વેલરી અને બુલિયનના ૧૫ વેપારીઓ પર સ્ટેટ જીએસટી વિભાગ એ દરોડા પાડ્યા હતા. અને આ રેડ રાજકોટ અને અમદાવાદ ખાતે થઈ હતી જેમાં ત્રણ વેપારીઓ અમદાવાદ અને પાંચ વેપારીઓ રાજકોટના હતા બીજી તરફ આ અંગે વધુ તપાસ તીવ્ર થતાં સુરતમાંથી પણ સાત વેપારીઓની સંડોવણી ખુલી હતી.

રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર જીએસટીની આવક વધારવા અને ઈન્કમટેક્સની આવક વધારવા માટે અનેક મહેનત કરી રહી છે ત્યારે મહત્વનું એ છે કે આ તપાસ દરમિયાન કોઈપણ ગેરીતી કરવામાં આવે તો તેના પર કાયદાકીય પગલા લેવાતા હોય છે આ સ્થિતિમાં સ્ટેટ જીએસટી વિભાગે જે તપાસ હાથ ધરી તેમાં બિન હિસાબી સ્ટોક, બિન હિસાબી રોકડ તથા છુપાવવામાં આવેલ મજૂરી ખર્ચ અને બિલ વિનાના વેચાણ મળી આવ્યા હતા અને આશરે ૨.૭૦ કરોડની કરચોરી વેપારીઓ દ્વારા કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

કાયદાકીય મુદ્દાઓને ધ્યાને લઈ અગાઉના વર્ષો ના રિટર્ન ચકાસણી નો સમાવેશ પણ થયો છે. એટલું જ નહીં સ્ટેટ જીએસટી વિભાગ દિવાળીના તહેવારો ઉપર જ સક્રિય થતું હોય છે અને વ્યાપક તપાસ હાથ ધરી કરોડો રૂપિયાની કરચોરી ઝડપી પાડે છે ત્યારે ગઈકાલે જે દરોડા સમગ્ર રાજ્યમાં પડ્યા તે બાદ ૨.૭૦ કરોડ રૂપિયાનો આંકડો બહાર આવ્યો છે. રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના કડક નિર્ણય અને કડક કાયદા ને ધ્યાને લઈને પણ એ વાત સ્પષ્ટ થઈ છે કે આવનારા દિવસોમાં પણ આ અંગે વધુ તીવ્ર નિયમો અને કડક સૂચનાઓ આપવામાં આવે અને જે પણ જીએસટીની ચોરી કરતા હોય તેના પર તવાય અને ધોષ બોલાવાય તો નવાઈ નહીં.

રાજકોટ સોની બજારના વેપારીઓ ગેરરીતિ કરવામાં અવલ રમે છે ત્યારે અન્ડર વેલ્યુ કરી સરકારને ચૂનો ચોપડવાનું જે કામ વેપારીઓ કરી રહ્યા છે તેને ડામવા માટે સરકાર દ્વારા કડક નિયમો બનાવવામાં આવે છે હાલની સ્થિતિને ધ્યાને લઈ દિવાળી બાદ પણ જીએસટી વિભાગ દ્વારા યથાવત રીતે બરોડા ચાલુ રાખવામાં આવે તો નવાઈ નહીં સાથો સાથ અન્ય સેન્ટ્રલ એજન્સી પણ હવે ખર્ચો પર તવાઈ બોલાવે તેવું સ્પષ્ટ માનવામાં આવી રહ્યું છે.




# મહારાષ્ટ્ર ચૂંટણી પરિણામ હોઈ શકે છે ચોકાવનારું : સર્વે

## એકનાથ જૂથની કામગીરીથી અડધો અડધ લોકો રાજી : પરિણામ જ કરશે દૂધનું દૂધ અને પાણીનું પાણી

નવીદિલ્હી, તા. ૩૧

લોકસભાની ચૂંટણી પછી તરત જ યોજાયેલી ૨૦૧૯ની મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીની સ્થાયી છબી લગભગ ૮૦ વર્ષીય વ્યક્તિની છે, જેણે મૂશળધાર વરસાદમાં બોલતા રાજ્યમાં સત્તાધારી પક્ષમાંથી અસંતોષ અને તેમના અનુયાયીઓની હિજરતનો સામનો કર્યો હતો. લગભગ ૫૦,૦૦૦ ની ભીડ સામે હતી. તે અભિયાનની છેલ્લી બેઠક હતી અને વક્તા, શરદ પવાર, તેમના માર્ગદર્શક અને રાજ્યના સૌથી ઊંચા નેતાઓમાંના એક, સ્વર્ગસ્થ વાય.બી.ને શ્રદ્ધાંજલિ હતી. તેઓ ચવ્હાણની પરંપરાગત બેઠક સાતારામાં બોલી રહ્યા હતા.

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP) ના પ્રમુખ શરદ પવાર ૧૮ ઓક્ટોબરના રોજ મહારાષ્ટ્રના સતારા જિલ્લામાં વિધાનસભા ચૂંટણી પહેલા વરસાદમાં એક જાહેર સભાને સંબોધિત કરે છે. પવાર આજે રાજ્યના સૌથી ઊંચા નેતા તરીકેનું પદ ધરાવે છે. જે ચૂંટણીમાં તે હવે ઊંડે સુધી વ્યસ્ત છે તે કદાચ ભારતના સૌથી ધનિક રાજ્ય અને ભારતીય રાજકારણની ગતિ અને દિશા બંને નક્કી કરશે. તે તેમનો વારસો અને તેમની પોતાની પાર્ટી એનસીપીનું ભવિષ્ય પણ નક્કી કરશે. મહારાષ્ટ્ર પરંપરાગત રીતે છ પ્રદેશોમાં વહેંચાયેલું છે, જેમાં વિધાનસભા બેઠકોની વહેંચણી નીચે મુજબ છેઃ વિદર્ભ જેમાં ૬૨ બેઠકો છે, મરાઠવાડા જેમાં ૪૬ બેઠકો છે, પશ્ચિમ મહારાષ્ટ્રનો શેરડીનો પ્રદેશ જેમાં ૭૦ બેઠકો છે, ઉત્તર મહારાષ્ટ્ર કે જેમાં ૩૫ બેઠકો છે, મુંબઈ જેમાં છે. ૩૬ બેઠકો અને થાણે અને કોંકણ (તટીય પ્રદેશ) જેમાં ૩૯ બેઠકો છે.

સી વોટરના સર્વે અનુસાર, જ્યારે લોકોને પૂછવામાં આવ્યું કે શું તેઓ વર્તમાન ભાજપ શિંદે સરકારથી નારાજ છે અને શું તેઓ તેને બદલવા માંગે છે તો ૫૧.૩ ટકા લોકોએ હામાં જવાબ આપ્યો હતો. જ્યારે ૩.૭ ટકા લોકો કહે છે કે અમે ગુસ્સે છીએ, પરંતુ અમે આ સરકારને બદલવા માંગતા નથી. ૪૧.૦ ટકા લોકોએ કહ્યું કે તે નારાજ નથી, પરંતુ પરિવર્તન નથી ઈચ્છતા એટલે કે ૪૧ ટકા લોકો બીજેપી શિંદેની સરકાર ફરીથી ઈચ્છે છે. ૪% લોકોએ કહ્યું કે તેઓ અત્યારે આ વિશે કંઈ કહી શકતા નથી. સૌથી મોટી વાત જે સામે આવી છે તે એ છે કે ૫૧ ટકાથી વધુ લોકો વર્તમાન સરકારથી નારાજ છે અને તેઓ તેને બદલવા માંગે છે.




### મુખ્યમંત્રી તરીકે એકનાથ સિંદેની ૨૭.૬ ટકા લોકોએ કરી પસંદગી

સર્વે અનુસાર, જ્યારે મહારાષ્ટ્રના લોકોને પૂછવામાં આવ્યું કે મુખ્યમંત્રી પદ માટે તેમની પસંદગી કોણ છે, ત્યારે ૨૭.૬ ટકા લોકોએ એકનાથ શિંદેનું નામ લીધું, જ્યારે ઉદ્ધવ ઠાકરે ૨૨.૯ ટકા સાથે આ સર્વેમાં બીજા ક્રમે છે. ૧૦.૮% લોકોએ દેવેન્દ્ર ફડણવીસને તેમની પસંદગી ગણાવી હતી. આ ઉપરાંત ૫.૯ ટકા લોકોએ શરદ પવારને પસંદ કર્યા અને ૩.૧ ટકા લોકોએ અજિત પવારને પસંદ કર્યા હતાં.




### તહેવારના દિવસોમાં ચોર ગઠીયા લૂંટારૂઓ બેફામ બન્યાઃ નિર્દોષ વૃધ્ધા બની ગયા ભોગ

# નશાખોરે ડોશીમાને પતાવી સોનાની બુટી લૂંટી લીધી

### ભાગે એ પહેલા લોકોએ પકડી લીધોઃ હત્યાની બીજી ઘટનામાં રૂપિયાની લેતીદેતી મામલે પત્નિની નજર સામે જ યુવાનની હથોડાના ઘા ફટકારી હત્યા

**(દર્શનસિંહ જાડેજા દ્વારા)**
**રાજકોટ મિરર તા. ૩૧**

રાજકોટઃ તહેવારના દિવસોમાં ચોર લૂંટારા બેફામ બની ગયા છે. રાજ્યમાં દિવાળી નવા વર્ષના તહેવારની ઉજવણી શરૂ થઇ ચુકી છે ત્યારે ચોર ગઠીયાઓ પણ મેદાને આવી ગયા છે. દરમિયાન એક નશાખોર લૂંટારૂએ એકલા રહેતાં વૃધ્ધાની લૂંટના ઈરાદે ક્રુર હત્યા કરી નાંખી છે. જો કે હત્યારો હત્યા કરી સોનાની બુટી લૂંટીને ભાગે એ પહેલા પકડી લેવાયો હતો. દેકારો મચી જતાં લોકો ભેગા થઇ ગયા હતાં અને લોકોએ જ તેને દબોચીને પોલીસને સોંપી દીધો હતો. હત્યાની બીજી ઘટનામાં રૂપિયાના ડખ્ખામાં એક યુવાનને બીજાએ હથોડાના ઘા ફટકારી ઢાળી દીધો હતો. આમ તહેવારના દિવસોમાં પણ રાજ્યોમાં લોહીયાળ ઘટનાઓ યથાવત રહી છે.

લૂંટ મર્ડરની પ્રથમ ઘટના પર નજર કરીએ તો આ બનાવ વાપી કચીગામ રોડ સ્થિત નાનકડા ઘરમાં બન્યો છે. અહિ એકલી જ રહેતી અને દુકાન ચલાવીને ગુજરાન ચલાવતી મહિલાની રવિવારે રાત્રિએ એક અજાણ્યા ઇસમે લૂંટના ઇરાદે હત્યા કરીને કાનમાંથી સોનાની બુટીની લૂંટ ચલાવી હતી. જોકે, મહિલાએ બૂમાબૂમ કરતા સ્થાનિક લોકો દોડી આવી આરોપીને ઝડપી લીધો હતો. વધુ માહિતી અનુસાર કચીગામ સોમનાથ માર્ગ ઉપર વિદ્યુત ભવન નજીક બાંસઠ વર્ષીય મહિલા મણીબેન પટેલ પોતાના ઘરમાં એકલા રહીને નાનકડી દુકાન ચલાવતા હતા. રાત્રીના સમયે એક અજાણ્યા શખ્સે ગ્રાહકના સ્વાંગમાં દુકાને આવીને તેમનું ગળું દબાવી હત્યા કરી દીધી હતી. તેમજ આ વૃધ્ધાએ કાનમાં પહેરેલી સોનાની બુટીની લૂંટ કરીને ભાગવા જતા સ્થાનિક લોકો દોડી આવીને આરોપીને ઝડપી લીધો હતો.

લૂંટારૂના હુમલામાં માથાના ભાગે બ્રેઇન હેમરેજ થવાથી વૃધ્ધાનું મોત થયું હોવાનું જાણવા મળે છે. કચીગામ પોલીસે આરોપીને પકડીને પૂછપરછ કરતા તેની ઓળખ સોમનાથ વિસ્તારમાં રહેતાં બેતાલીસ વર્ષીય દિલીપ હવાલદાર તરીકે થઇ હતી. દમણ પોલીસે હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. આરોપી દારૂના નશામાં વૃધ્ધાની દુકાને પહોંચી ગયો હતો. લૂંટના ઈરાદે મહિલાની હત્યા કરી હતી. પોલીસે આરોપીની ધરપકડ કરી



રિમાન્ડ મેળવવા માટે સોમવારે કોર્ટમાં રજૂ કરાયો હતો.

હત્યાની બીજી ઘટનામાં પોતાને કારખાનુ શરૂ કરી દેનારા વ્યક્તિની રૂપિયાની લેતીદેતીના ડખ્ખામાં હથોડાના ઘા ઝીંકી હત્યા કરવામાં આવી હતી. આ બનાવ રખિયાલમાં બન્યો છે. જેમાં પત્નિની નજર સામે જ પતિની માથામાં હથોડાનો ઘા ઝીંકીને હત્યા થઈ હતી. હત્યાનો ભોગ બનનાર સ્ટીલના કારખાનામાં કામ કરતો હતો. સ્ટીલના કારખાનાના માલિકે અગાઉ આ યુવકને આર્થિક રીતે મદદ કરીને ધંધો શરૂ કરાવી દીધો હતો. યુવકે સમયસર સ્ટીલના કારખાનાના માલિકને રૂપિયા નહીં આપતા બન્ને વચ્ચે અનેક વખત ઝઘડા થતા હતા. હવે સ્ટીલના કારખાનાનો માલિક યુવક પાસે રૂપિયા માગવા માટે ગયો ત્યારે આ હત્યાનો બનાવ બન્યો હતો. રખિયાલ વિસ્તારમાં આવેલા પ્રગતિ એસ્ટેટમાં રહેતી અને મૂળ કર્ણાટકના બાસો ગામમાં રહેતી ઉજમાબાનુ પઠાણે રખિયાલ પોલીસ સ્ટેશનમાં પરવેઝ ઈર્શાદ અહેમદ શેખ વિરૂદ્ધ હત્યાની ફરિયાદ કરી છે. ઉજમાબાનુ તેના પતિ નુરખાન પઠાણ તેમજ બે બાળકો સાથે રહે છે. ઉજમાબાનુના પતિ નુરખાનનું પ્રગતિ એસ્ટેટમાં સ્ટીલનું કારખાનુ છે.

વધુ વિગત મુજબ નુરખાનના સ્ટીલના કારખાનામાં પરવેઝ ઈર્શાદ નામનો યુવક કામ કરતો હતો. પરવેઝ મૂળ ઉત્તરપ્રદેશના ધીંગાપુરનો રહેવાસી છે. પરવેઝ અવારનવાર નુરખાનને સ્ટીલનું કારખાનુ શરૂ કરવાનું કહેતો હતો. પરવેઝની વાત માનીને નુરખાને તેના કારખાનના પહેલા માળે સ્ટીલની બટર લાયની ડિઝાઇન બનાવવાનું કારખાનુ ખોલીને આપ્યું હતું. નુરખાને સાત લાખ રૂપિયા ખર્ચીને મશનીરી વસાવી હતી અને પરવેઝને કારખાનું ચાલુ કરાવી દીધું હતું. પરવેઝે કારખાનુ ચાલુ થાય તે પહેલા નુરખાનને વચન આપ્યું હતું કે જે ખર્ચો થયો છે તે મહિને મહિને હપ્તેથી રૂપિયા આપીને ચૂકવી દઈશ. પરંતુ બાદમાં પરવેઝ મહિને મહિને હપ્તા તરીકેના રૂપિયા નુરખાનને આપવાના બંધ કરી દીધા હતા. જેના કારણે બન્ને વચ્ચે અનેક વખત બોલાચાલી ઝઘડો પણ થતો હતો. ગઈકાલે ઉજમાબાનુ પોતાના કારખાના પર હાજર હતી. ત્યારે નુરખાને તેને જણાવ્યુ હતું કે, હાલ દિવાળીનો તહેવાર છે જેથી હું પરવેઝ પાસે રૂપિયા લેવા જાઉ છું.આ પછી થોડા સમયમાં પરવેઝ અને નુરખાન જોરજોરથી બોલવા લાગ્યા હતા. જેથી ઉજમાબાનુ દોડીને તુરંત જ પહેલા માળે પહોંચી ગઈ હતી. ઉજમાબાનુ પહેલા માળે પહોંચી ત્યારે નુરખાને રૂપિયા આપી દેવા માટેનું અથવા તો કારખાનુ ખાલી કરી દેવાનું પરેવેઝને કહ્યું હતું. પરવેઝ એકાએક ગુસ્સામાં આવી ગયો હતો અને ગાળો બોલવા લાગ્યો હતો. ઉજમાબાનુ ઝઘડો શાંત કરાવતી હતી ત્યારે પરવેઝે જમીન પર પડેલો હથોડો લઈને નુરખાનના માથામાં મારી દીધો હતો. માથામાં હથોડો વાગતાની સાથે જ નુરખાન જમીન પર પડી ગયો હતો અને ઉજમાબાનુએ બૂમાબૂમ કરી હતી. હથોડો મારીને પરવેઝ કારખાનેથી નાસી ગયો હતો જ્યારે ઉજમાબાનુએ તુરંત જ ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી દીધી હતી. લોહીથી લથબથ નુરખાનને તબિબે મૃત જાહેર કર્યો હતો. આમ રૂપિયાનો ડખ્ખો વધુ એક વખત હત્યાનું કારણ બન્યો હતો.

# સૌરાષ્ટ્રના અનેક શહેરોમાં રેલવે સ્ટેશન પર પ્લેટફોર્મ ટિકિટ બંધ

### ક્રાઉડ મેનેજમેન્ટ ના લક્ષ્યાંકને સિદ્ધ કરવા અને સલામતી મુસાફરોની જળવાઈ રહે તે માટે રેલવે વિભાગ દ્વારા લેવામાં આવ્યો નિર્ણય




રાજકોટ, તા. ૩૧

તહેવારોને ધ્યાને લઈ રેલવે વિભાગ દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે જેમાં પશ્ચિમ રેલવેની વાત કરવામાં આવે તો પોરબંદર, વેરાવળ જુનાગઢ બોટાદ અને ભાવનગર ટર્મિનલ સ્ટેશન ઉપર પ્લેટફોર્મ ટિકિટ પર આગામી આદેશ સુધી પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. રેલવે વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર આગામી તહેવારોની મોસમ દરમિયાન ક્રાઉડ મેનેજમેન્ટના ભાગરૂપે ભાવનગર મંડળના પોરબંદર વેરાવળ જુનાગઢ બોટાદ અને ભાવનગર સ્ટેશનો પર જે પ્લેટફોર્મ ટિકિટના વેચાણ પર હાલ પ્રતિબંધ લગાડી દેવામાં આવ્યો છે.

નિર્ણય લેવા પાછળનું મહત્વનું કારણ એ છે કે પ્લેટફોર્મ ઉપર જે રીતે ભીડ વધી જતી હોય છે તો તેને નિયંત્રણ કરવા અને સ્ટેશન પરિસરમાં મુસાફરોની અવર-જવર સુનિશ્ચિત કરવાનો છે. દિવાળી તહેવાર અને છઠ પૂજા દરમિયાન પ્લેટફોર્મ ટિકિટના વેચાણ પર પ્રતિબંધ હાલ પાંચ નવેમ્બર સુધી અમલમાં રાખવાનો નિર્ણય પણ લેવામાં આવ્યો છે. આ નિર્ણય પાછળનું સૌથી મહત્વનું કારણ એ છે કે મુસાફરીને સરળ બનાવવા માટે અને વયો વૃદ્ધ લોકો તથા તબીબી સગવડતા મેળવનાર લોકોને આ પ્રતિબંધોમાંથી મુક્તિ આપવામાં આવી છે એટલું જ નહીં આ દિવસો દરમિયાન જે પણ યાત્રિકો રેલ મુસાફરી કરતા હોય તેઓને તાકીદે જણાવવામાં આવ્યું છે કે તેઓ યોગ્ય રીતે મુસાફરી કરે અને સલામતીને ધ્યાને લઈ નવા નિયમોનું પણ પાલન કરે. તે કોઈને હેરાનગતિ ન થાય અને લોકો સારી રીતે તહેવાર મનાવી શકે અને જે જગ્યા પર જવું હોય ત્યાં તે પહોંચી શકે.

# IPL ૨૦૨૫ : ધોની- રોહિત અને કોહલી રીટેન

### આઈપીએલમાં ભાગ લેનારી તમામ ૧૦ ટીમોએ આજે તેમના રિટેન અને રિલીઝ થયેલા ખેલાડીઓની યાદી જાહેર કરી દીધી છે. રિટેન કરવામાં આવેલા ખેલાડીનો પગાર રૂ. ૪ કરોડ રહેશે



નવીદિલ્હી, તા. ૩૧

કોલકાતા નાઈટ રાઈડર્સે આઈપીએલ ૨૦૨૫ માટે રિટેન કરાયેલા ખેલાડીઓની જાહેરાત કરી છે. KKRએ ૬ ખેલાડીઓને રિટેન કર્યા છે. મોટા સમાચાર એ છે કે KKR એ તેના કેપ્ટન શ્રેયસ અય્યરને જાળવી રાખ્યો નથી. આ ખેલાડીની કેપ્ટનશીપમાં ટીમ ચેમ્પિયન બની હતી અને હવે તે ટીમની બહાર છે. KKR એ આશ્ચર્યજનક નિર્ણય લીધો અને પહેલા રિંકુ સિંહને જાળવી રાખ્યો અને તેને સૌથી વધુ પૈસા પણ મળ્યા. તેમના સિવાય બે યુવા ભારતીય ક્રિકેટરોને પણ રિટેન કરવામાં આવ્યા છે.

KKRએ ૬ ખેલાડીઓને રિટેન કર્યા છે જેમાંથી રિંકુ સિંહને સૌથી વધુ ૧૩ કરોડ રૂપિયા મળ્યા છે. રિંકુ સિંહ છેલ્લા ઘણા સમયથી KKR તરફથી ખૂબ ઓછા પૈસામાં રમી રહ્યો હતો પરંતુ હવે તેનું નસીબ સુધર્યું છે. રિંકુ સિવાય KKRએ વરુણ ચક્રવર્તીને ૧૨ કરોડ રૂપિયામાં રિટેન કર્યો છે. KKRએ સુનીલ નારાયણને ૧૨ કરોડમાં રિટેન કર્યો છે. આન્દ્રે રસેલને પણ ૧૨ કરોડ રૂપિયામાં રિટેન કરવામાં આવ્યો છે. અગાઉ એવા અહેવાલો આવ્યા હતા કે રસેલને રિટેન કરવામાં આવી રહ્યો નથી પરંતુ છેલ્લી ક્ષણે KKRએ રમત બદલી નાખી. આ સિવાય ઝડપી બોલર હર્ષિત રાણાને KKR દ્વારા ૪ કરોડ રૂપિયામાં રિટેન કરવામાં આવ્યો છે. આ ખેલાડીને ઓસ્ટ્રેલિયા પ્રવાસ માટે ટીમ ઈન્ડિયામાં પસંદ કરવામાં આવ્યો છે. ઓલરાઉન્ડર રમનદીપ સિંહને પણ ૪ કરોડ રૂપિયામાં રિટેન કરવામાં આવ્યો છે, જેને દક્ષિણ આફ્રિકા પ્રવાસ માટે ટીમ ઈન્ડિયામાં જગ્યા મળી છે.

KKRએ મિચેલ સ્ટાર્ક, નીતીશ રાણા, રહેમાનુલ્લા ગુરબાઝ જેવા ખેલાડીઓને બાકાત રાખ્યા છે. વેંકટેશ અય્યર પણ KKR ટીમમાં નહોતો. આ ખેલાડીઓ ગત સિઝનમાં KKR ટીમનો મહત્વનો ભાગ હતા. વેંકટેશ અય્યરે પ્લેઓફમાં શાનદાર બેટિંગ કરી હતી.તમામ ૧૦ ટીમોએ ઈંડ્ક ૨૦૨૫ માટે તેમની રીટેન્શન લિસ્ટ જાહેર કર્યા બાદ એમ.એસ. ધોનીના ચાહકોને મોટી ખુશી થઈ છે કે, કારણ કે, ધોની IPL ૨૦૨૫ રમશે અને તેને ચેન્નાઈએ રિટેન કર્યો છે. મુંબઈ ઈન્ડિયન્સે રોહિત શર્મા સહિત પાંચ ખેલાડીઓને રિટેન કર્યા છે. બેંગલુરુએ માત્ર ત્રણ ખેલાડીઓ વિરાટ કોહલી, રજત પાટીદાર અને યશ દયાલને રિટેન કર્યા છે. પંજાબની ટીમે માત્ર બે ખેલાડી શશાંક સિંહ અને પ્રભસિમરન સિંહને રિટેઈન કર્યા છે. આ વખતે તમામ ટીમોને વધુમાં વધુ છ ખેલાડીઓ જાળવી રાખવાની મંજૂરી અપાઈ હતી, જેમાં રાઈટ ટુ મેચ કાર્ડનો પણ સમાવેશ થાય છે. ફ્રેન્ચાઈઝીએ વધુમાં વધુ પાંચ કેપ્ડ ખેલાડીઓ અને વધુમાં વધુ બે અનકેપ્ડ ખેલાડીઓ રિટેઈન કર્યા છે.

# PM આવાસ યોજનાના લાભાર્થીઓ સાથે મંત્રી ભાનુબેન બાબરીયાએ કરી મુલાકાત

### મનસુખભાઈ છાપિયા ટાઉનશીપના લાભાર્થીઓ સાથે દિવાળી પર્વની કરાઈ ઉજવણી

રાજકોટ, તા. ૩૧

ગુજરાત સરકાર દ્વારા દિવાળી પર્વની ઉજવણી નાગરિકો વચ્ચે ઉજવવાના આયોજન અંતર્ગત ગઈકાલે દિવાળી પર્વ નિમિતે ગુજરાત રાજ્યના કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા દ્વારા વોર્ડ નં.૧૨માં આવેલ મનસુખભાઈ છાપિયા ટાઉનશીપ, પુનીતનગર, ૮૦ ફૂટ રોડ, તપન હાઈટ્સ એપાર્ટમેન્ટની બાજુમાં, વાવડી, રાજકોટ ખાતેના લાભાર્થીઓ સાથે શુભેચ્છા મુલાકાત કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયર નયનાબેન પેઢડીયા ઉપસ્થિત રહ્યા હતા.

શુભેચ્છા મુલાકાત કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, મેયર નયનાબેન પેઢડીયા, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, મ્યુનિસિપલ કમિશનર દેવાંગ દેસાઈ, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયા, હાઉસીંગ એન્ડ ઇમ્પ્રુવમેન્ટ અને ક્લીયરન્સ સમિતિના ચેરમેન નીતિનભાઈ રામાણી, રાજકોટ મહાનગરપાલિકાના નાયબ મ્યુનિસિપલ કમિશનર ચેતન નંદાણી, હર્ષદ પટેલ, સહાયક કમિશનર બી.એલ. કાથરોટીયા, સિટી એન્જી. અઢીયા, બી.ડી. જીવાણી તેમજ મનસુખભાઈ છાપિયા અને લક્ષ્મણરાવ ટાઉનશીપના પ્રમુખ, પ્રભારી, મહામંત્રી તેમજ બહોળી સંખ્યામાં આવાસ યોજનાના લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં પ્રાસંગિક ઉદબોધન કરતા મેયર નયનાબેન પેઢડીયાએ જણાવ્યું હતું કે, દિવાળીના પવિત્ર તહેવાર ભગવાન આપના પરિવારને સુખ, શાંતિ અને સમૃદ્ધિ આપે તેમજ આપના પરિવારના સભ્યોનું સ્વાસ્થ્ય તંદુરસ્ત રાખે તેવી શુભેચ્છા પાઠવું છું. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રંગીલા રાજકોટ માટે તાજેતરમાં પાંચ દિવસનો દિવાળી ઉત્સવ કરવામાં આવ્યો છે જેને બહોળી સંખ્યમાં નાગરિકોએ નિહાળ્યો હતો. લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિ છે તો આજે તેને પણ યાદ કરવા કરીએ સાથોસાથે આપ સૌ જે ટાઉનશીપમાં રહો છો તે જેના નામે છે એવા મનસુખભાઈ છાપિયા સરળ સ્વભાવના માનવીને



પણ આજે યાદ કરીએ. રાજકોટ શહેર તમારું અને આપણા સૌનું શહેર છે, તેની સુખાકારી માટે જે કઈ કરવાનું થશે તે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવશે. સરકારશ્રી દ્વારા સુવિધાથી સજ્જ અને ખુબ સારી હવા ઉજાસ વાળું ઘરનું ઘર આપ સૌને આપવામાં આવ્યું છે તો સરકારશ્રી દ્વારા આપવામાં આવેલ ઘરને સાચવીએ અને સ્વચ્છ રાખીએ એ આપણી ફરજ છે. આજના પર્વની અને આગામી પર્વની સૌને શુભેચ્છા પાઠવું છું.

આ પ્રસંગે ગુજરાત રાજ્યના કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયાએ આવાસ યોજનાના લાભાર્થીઓને શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે, આજે દિવાળીના દિવસે અમે તમારી સાથે શુભેચ્છા મુલાકાત કરી મીઠું મોઢું કરી નવા વર્ષની શુભેચ્છા પાઠવવા આવીએ એ આપણા દેશના આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો સંકલ્પ હતો. લોકો સાથે, લોકો વચ્ચે જઈને દિવાળી પર્વની ઉજવણી કરીએ આવો વિચાર પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીને આવ્યો અને અમે સૌએ તેનું પાલન કર્યું. આજે અહી જે પરિવારને ઘરનું ઘર મળ્યું છે તે એક નાના પરિવાર માટે ખુબ મહત્વનું ઘર કહેવાય. નાના પરિવાર માટે ઘરનું ઘર હોવું તે આ પરિસ્થિતિમાં કઠિન છે, ઘરનું ગુજરાન ચલાવવું સાથે બાળકોને ભણાવવા, આ બધી તકલીફ વચ્ચે ઘરના ઘરનો વિચાર જ ન આવે ત્યારે તે વિચાર આપણા દેશના આદરણીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યો. ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો માટે ઘરનું સપનું સાકર કર્યું. આજે દેશમાં અસંખ્ય ગરીબ પરિવાર પાસે ઘરનું ઘર છે. માત્ર ઘર જ નહી સાથે આંગણવાડી, ગાર્ડન અને બાળકો માટે રમત-ગમતના સાધનોથી સજ્જ આવાસ યોજનાનું ઘર આપવામાં આવે છે. આપણા દેશના આદરણીય પ્રધાનમંત્રીના સપનાને સાકર કરવા માટે ગુજરાત રાજ્યના આદરણીય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પણ કદમથી કદમ મિલાવી રહ્યા છે. ગુજરાત રાજ્યનો એક પણ નાગરિક સરકારની વિવિધ યોજનાથી વંચિત ન રહી જાય તે માટે મુખ્યમંત્રીએ આયોજન કર્યું છે. છેવાડાના નાગરિક સુધી સરકારશ્રીની યોજનાનો લાભ મળે તે માટે રાજ્ય સરકાર કટીબધ્ધ છે. આજે આપ બધા વચ્ચે આવવાનું થયું ત્યારે આદરણીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને આદરણીય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ વતી બધાને નવા વર્ષની શુભેચ્છા પાઠવું છું.આજના શુભેચ્છા મુલાકાતના કાર્યક્રમમાં આવાસ યોજનાની દીકરીઓ દ્વારા ગુજરાત રાજ્યના કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા અને મહાનુભાવોનું કંકુ-ચોખાનો ચાંદલો કરી સ્વાગત કરવામાં આવેલ. સૌ મહાનુભાવોએ દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરી હતી.



# એકતા દિવસ એટલે મીની ભારતની ઝલક : PM

## આખા દેશમાં ઊર્જા આપવાનું કરે છે કાર્ય : એક ભારત - શ્રેષ્ઠ ભારત સંકલ્પને કરાશે સિધ્ધ

અમદાવાદ, તા. ૩૧

વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ જણાવ્યું છે કે, છેલ્લા એક દાયકામાં સુશાસનને મૉડેલ બનાવીને એકતાની દોરને વધુ મજબૂત કરવામાં આવી છે અને ભેદભાવની સમસ્યા દૂર કરવામાં આવી છે. સબ કા સાથ, સબ કા વિકાસ ના મંત્રને ધ્યેય બનાવીને સરકાર દ્વારા કોઇ પણ ભેદભાવ રાખ્યા વિના પાત્રતા ધરાવતા તમામ લોકોને એક સમાન યોજનાકીય લાભો આપવામાં આવ્યા છે.

એકતાનગર ખાતે સરદાર પટેલની સૌથી ઉંચી પ્રતિમાના સાંનિધ્યમાં રાષ્ટ્રીય એકતા દિનની ઉજવણીમાં સહભાગી થયેલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ઉમેર્યું કે, સરકાર દ્વારા વિવિધ યોજનાઓ અને નીતિઓ થકી દેશની એકતાને વધુ મજબૂત બનાવવામાં આવી રહી છે. વન નેશન-વન રાશન, વન નેશન-વન આઇડેન્ટી, વન નેશન-વન ટેક્સ, વન નેશન-વન પાવર ગ્રિડ, વન નેશન-વન હેલ્થ ઇન્સ્યોરન્સ ઉપરાંત હવે સરકાર વન નેશન-વન સેક્યુલર સિવિલ કોડ અને વન નેશન-વન ઇલેકશનની દિશામાં કામ કરી રહી છે.

કાયદાની સમાનતા સાથે યોજનાકીય બાબતોમાં પણ કોઇ ભેદવાદ રાખવામાં આવતો નથી, એમ કહેતા તેમણે જણાવ્યું કે, હર ઘર જલ, કિસાન સન્માન નિધિ, પીએમ આવાસ યોજના, આયુષ્યમાન યોજના જેવી મહત્વપૂર્ણ યોજનાઓના લાભો પાત્રતા ધરાવતા તમામને આપવાથી અસંતોષ ઠારવામાં સફળતા મળી છે. પ્રો-પિપલ એપ્રોચને પરિણામે સમાજના લાખો લોકોને યોજનાકીય લાભો મળ્યા છે.

સરકારની નીતિઓ અને નિર્ણય થકી દેશને કેવી રીતે એકતાના તાંતણે બાંધવામાં આવ્યો છે ? તેની રૂપરેખા આપતા વડાપ્રધાનશ્રીએ જણાવ્યું કે, રેલ્વે, હાઇવે, ઇન્ટરનેટ જેવી પાયાની સુવિધાઓ ગામેગામ સુધી પહોંચાડવા માં આવી છે. આંદામાન અને લક્ષદ્વિપ જેવા દુર્ગમ વિસ્તારોમાં પણ ઇન્ટરનેટ સુવિધા પહોંચાડવામાં આવી છે. તેના કારણે લોકોમાં સંતોષ સાથે સરકાર ઉપરના વિશ્વાસમાં વૃદ્ધિ થઇ છે. વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ ભારપૂર્વ એમ કહ્યું કે, અમારા વ્યવહારમાં યથાર્થવાદ, સંકલ્પમાં સત્યવાદ, કાર્યમાં માનવતા વાદ અને ધ્યેયમાં રાષ્ટ્રવાદ છે. અમારી તમામ યોજનાઓમાં નીતિ, નિયત એકતા જ પ્રાણશક્તિ છે. સશક્ત, સમાવેશી, સંવેદનશીલ, સતર્ક, વિનમ્ર અને વિકસિત રાહ ઉપર દેશ આગળ વધી રહ્યો છે. દુનિયામાં અસ્થિરતા અને યુદ્ધ વચ્ચે ભારતે સમગ્ર વિશ્વને બુદ્ધનો શાંતિનો સંદેશ આપ્યો છે, એમ જણાવતા શ્રી મોદીએ કહ્યું કે, આટલી વૈશ્વિક સમસ્યાઓ છતાં, ભારત વિકાસના નવા માનકો સ્થાપી રહ્યું છે.

**સરદાર સાહેબની સાર્ધ શતાબ્દિ જન્મ જયંતિની બે વર્ષ સુધી ઉજવણી કરવામાં આવશે**

દેશવાસીઓને ચેતવતા વડાપ્રધાનએ જણાવ્યું કે, દેશની અંદરના અને બહારના કેટલાક લોકો આપણી વચ્ચેની એકતા તોડી અરાજક્તા ફેલાવવાના હીન પ્રયાસો કરી રહ્યા છે. દેશના આર્થિક હિતોને નુકસાન પહોંચાડી રહ્યા છે. દેશની સેનાને લક્ષ્ય બનાવી દુષ્પ્રચાર કરવામાં આવી રહ્યો છે. દેશની શાંતિને જાતપાતના નામ ઉપર ડહોળી વિભાજન કરી રહ્યા છે. આવા વિઘટનકારી તત્વો ભારતીય સમાજ કમજોર બને અને રાષ્ટ્રીય એકતા તૂટે એવી મુરાદ ધરાવે છે અને દેશ સામે કુપ્રચાર કરે છે. આવા તત્વોની વૃત્તિ પ્રવૃત્તિથી સાવધ રહેવાની જરૂર છે.

વિકાસની મુખ્યધારામાંથી વંચિત રહેલા આદિવાસી સમાજને ભોળવી નકસલવાદને પોષવાનું કામ થતું હતું. આદિવાસી સમાજને યોજનાકીય લાભો આપી દેશ સાથે જોડવામાં આવતા જંગલ વિસ્તારનો નક્સલવાદ અંતિમ શ્વાસ લઇ રહ્યો છે. ત્યારે હવે અર્બન નકસલીઓ સક્રીય થયા છે. તેઓ સમાજને ગેરમાર્ગે દોરી રહ્યા છે.

સંવિધાન અને લોકતંત્રની દુહાઇ દઇ પોતાનો સ્વાર્થ સાધતા તત્વો ઉપર આકરા પ્રહારો કરતા વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, સરકારના તમામ કાર્યમાં રાષ્ટ્રભક્તિના દર્શન થાય છે. નીતિ અને નિર્ણયોને કારણે દેશની એકતા વધુ મજબૂત બનાવવામાં આવી છે. પૂર્વોત્તર રાજ્યોની સમસ્યાઓ શોધી તેનું સમાધાન લાવવામાં આવ્યું છે. જેના પરિણામે આ રાજ્યો પણ વિકાસની મુખ્ય ધારામાં સામેલ થયા છે.

સરદાર પટેલના વિચારો અમને પ્રેરણારૂપ છે. ભેદભાવ દૂર કરીને દેશની એકતાને મજબૂત કરવામાં તેઓનું માર્ગદર્શન કામ આવે છે. આઝાદીના સાત દશક પછી આખા દેશમાં વન નેશન, વન કોન્સ્ટીટ્યુશન નો સંકલ્પ પણ પૂર્ણ થયો છે. દેશના બંધારણના મૂળ સિદ્ધાંતોને બાબાસાહેબ આંબેડકરે સ્થાપિત કર્યા હતા, પરંતુ જમ્મુ અને કાશ્મીરમાં આર્ટિકલ ૩૭૦ દેશ માટે એક દિવાર બની ગયું હતું. આ ધારાને હંમેશા માટે સમાપ્ત કરીને કાશ્મીરને ભારતના બંધારણના સંકલન સાથે જોડવામાં આવ્યું છે.

એકતાનગર સ્થિત સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં વિકસાવવામાં આવેલા વિવિધ પ્રોજેક્ટ થકી એક ભારત, શ્રેષ્ઠ ભારતના દર્શન કરાવવા આવે છે. દેશની એકતા અને અખંડિતતાના શિલ્પી સરદાર સાહેબની આ ૧૫૦મી જન્મ જયંતિ ઉજવણી શાનદાર રીતે કરવામાં આવશે. આગામી બે વર્ષ સુધી સરદાર સાહેબની સાર્ધ શતાબ્દિની ઉજવણી કરી સંકલ્પો સિદ્ધ કરી સરદાર સાહેબને સાચી કાર્યાજંલિ અર્પિત કરવામાં આવશે. એકતા દિવસની ઉજવણીમાં એક નાના ભારતનું દર્શન થાય છે. સમગ્ર દેશમાં નવી ઊર્જાનો સંચાર થાય છે. આ વખતે એકતા દિન અને દીપાવલીનો સંયોગ થયો છે. વળી, હવે સમગ્ર વિશ્વમાં આ પર્વને ઉમંગ અને ઉત્સાહથી મનાવવામાં આવે છે એમ શ્રી મોદીએ કહ્યું હતું. આ પ્રસંગે મોદીએ છત્રપતિ શિવાજી મહારાજને પ્રેરણાનો સ્રોત ગણાવી રાયગઢની કિલ્લો વીરતાની સાથે સામાજિક ન્યાય, દેશભક્તિ અને રાષ્ટ્ર પ્રથમનું પ્રતીક છે, એમ પણ કહ્યું હતું.

સરદાર પટેલ જયંતી નિમિત્તે વડાપ્રધાન નરેન્દ્ર મોદી એકતાનગર સ્થિત સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લઇ સરદાર સાહેબની પ્રતિમાની પાદપૂજા કરીને સમગ્ર દેશવાસીઓ તરફથી સરદાર પટેલને શ્રદ્ધાંજલિ અર્પણ કરી પ્રજાજનોને રાષ્ટ્રીય એકતા દિવસની શપથ પણ લેવડાવી હતી. સરદાર સાહેબને વિનમ્ર શ્રદ્ધાંજલી અર્પણ કરીને રાષ્ટ્રીય એકતા દિવસની અભૂતપૂર્વ પરેડ નિહાળી હતી. આ પ્રસંગે રાજ્યના મુખ્ય સચિવ રાજકુમાર, ડીજીપી વિકાસ સહાય સહિત સાંસદો, ધારાસભ્યો, કેન્દ્ર અને રાજ્યના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# દિલ્હીમાં ગરમાયું રાજકારણ : BJPના ચૌધરી બ્રહ્મસિંહ તંવર AAP માં જોડાયા

## ભાજપે છતરપુર વિધાનસભા સીટ પરથી AAP ધારાસભ્ય કરતાર સિંહ તંવરને હરાવ્યા હતા

નવીદિલ્હી, તા. ૩૧

અલબત, આવતા વર્ષે દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણી છે પરંતુ રાજકીય શતરંજના પાટિયા બિછાવવામાં આવ્યા છે. પોતાની પાર્ટીથી નારાજ ઘણા નેતાઓ અન્ય પાર્ટીઓમાં જોડાઈ રહ્યા છે. અન્ય પક્ષો આ નેતાઓને ગળે લગાવીને આવકારે છે. તેઓ તેમનામાં સંભવિતતા જુએ છે જે ૨૦૨૫માં દિલ્હી યુદ્ધ માટે જરૂરી છે. દિવાળીના દિવસે ભાજપને આંચકો આપતા ચૌધરી બ્રહ્મસિંહ તંવરે આમ આદમી પાર્ટી (AAP)નું સભ્યપદ લીધું. અરવિંદ કેજરીવાલે ખુદ તેમને પાર્ટીમાં સામેલ કર્યા હતા. થોડા સમય પહેલા ભાજપે છતરપુર વિધાનસભા સીટ પરથી અઅડ ધારાસભ્ય કરતાર સિંહ તંવરને હરાવ્યા હતા. જેનો હિસાબ તમે ગુરુવારે સેટલ કર્યો હતો. બ્રહ્મસિંહ તંવર ત્રણ વખત ધારાસભ્ય રહી ચૂક્યા છે. તેઓ એક વખત કાઉન્સિલર પણ રહી ચૂક્યા છે. છતરપુર અને મહેરૌલી વિસ્તારમાં તેમનો પ્રભાવ છે. તેઓ દિલ્હી ભાજપના મજબૂત નેતા ગણાતા હતા. તેઓ પાર્ટીની શરૂઆતથી જ તેમની સાથે જોડાયેલા હતા અને ઈમરજન્સી દરમિયાન જેલવાસ ભોગવી રહ્યા હતા. તેઓ ૧૯૭૭માં સ્વતંત્ર ઉમેદવાર તરીકે તેમની પ્રથમ ચૂંટણી લડ્યા હતા અને કાઉન્સિલર તરીકે ચૂંટાયા હતા. એવું માનવામાં આવે છે કે ચાર મહિના પહેલા અઅડ છોડીને બીજેપીમાં જોડાનાર કરતારની જગ્યાએ પાર્ટી બ્રહ્મ તંવરને છતરપુરથી મેદાનમાં ઉતારી શકે છે.

બ્રહ્મ સિંહ તંવરનું દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને અઅડ કન્વીનર અરવિંદ કેજરીવાલે સ્વાગત કર્યું હતું. પાર્ટીમાં સામેલ થવા પર કેજરીવાસે કહ્યું, 'બ્રહ્મ સિંહ તંવર દિલ્હીના એક અગ્રણી નેતા છે, જે છત્તરપુર અને મહેરૌલી મતવિસ્તારમાંથી ત્રણ વખત ધારાસભ્ય રહી ચૂક્યા છે. તેના જોડાવાથી તમારો પરિવાર મજબૂત બનશે. તંવરે કહ્યું કે તેઓ કેજરીવાલની કાર્યશૈલી અને લોકોની સેવા પ્રત્યેના ઉત્સાહથી પ્રભાવિત થયા હતા અને AAP માટે સમર્પણ સાથે કામ કરવાનું વચન આપ્યું હતું. ચાર મહિના પહેલા AAP ધારાસભ્ય કરતાર સિંહ તંવર રાજ કુમાર આનંદ સાથે ભાજપમાં જોડાયા હતા. તંવર ૨૦૨૦ની વિધાનસભા ચૂંટણીમાં અઅડની ટિકિટ પર ચૂંટાયા હતા. તેઓ દિલ્હી જલ બોર્ડમાં જુનિયર એન્જિનિયર હતા. તેણે ૨૦૦૭માં પોતાની રાજકીય ઈનિંગ્સ શરૂ કરી હતી. AAP પહેલા તેઓ ભાજપમાં હતા. એક રીતે તે ઘરે પરત ફર્યો છે. તેઓ દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કાઉન્સિલર પણ રહી ચૂક્યા છે. દિલ્હી વિધાનસભાના અધ્યક્ષે પક્ષપલટા વિરોધી કાયદા હેઠળ તેમનું સભ્યપદ રદ કર્યું છે. જેના માટે તેણે કોર્ટનો સંપર્ક કર્યો છે.




અરવિંદ કેજરીવાલે કહ્યું કે છેલ્લા ૫૦ વર્ષથી તેઓ અનેક રીતે દિલ્હીની જનતાની સેવા કરી રહ્યા છે. ક્યારેક સરકારની અંદર તો ક્યારેક સરકારની બહાર અલગ-અલગ રીતે જનતાની સેવા કરવામાં વ્યસ્ત રહ્યા છે. તેઓ બે વખત છતરપુરના ધારાસભ્ય અને એક વખત મહેરૌલી વિસ્તારના ધારાસભ્ય હતા. તેમણે દિલ્હીના વિકાસમાં મહત્વનું યોગદાન આપ્યું છે. તેઓ ભાજપ છોડીને આમ આદમી પાર્ટીમાં જોડાઈ રહ્યા છે. આ આપણા બધા માટે ખુશીની વાત છે.

અરવિંદ કેજરીવાલે કહ્યું કે છેલ્લા ૫૦ વર્ષથી તેઓ અનેક રીતે દિલ્હીની જનતાની સેવા કરી રહ્યા છે. ક્યારેક સરકારની અંદર તો ક્યારેક સરકારની બહાર અલગ-અલગ રીતે જનતાની સેવા કરવામાં વ્યસ્ત રહ્યા છે. તેઓ બે વખત છતરપુરના ધારાસભ્ય અને એક વખત મહેરૌલી વિસ્તારના ધારાસભ્ય હતા. તેમણે દિલ્હીના વિકાસમાં મહત્વનું યોગદાન આપ્યું છે. તેઓ ભાજપ છોડીને આમ આદમી પાર્ટીમાં જોડાઈ રહ્યા છે. આ આપણા બધા માટે ખુશીની વાત છે.

# કોંગ્રેસ સાથે અમારો કોઈ ઝઘડો નથી : દત્તાત્રેય હોસાબલે

## મથુરામાં આરએસએસની અખિલ ભારતીય કાર્યકારી બોર્ડ બેઠક પૂર્ણ


### RSS રાહુલ ગાંધીને મળવા માંગે છે પરંતુ રાહુલ મળતા નથી : સંઘ

નવીદિલ્હી, તા. ૩૧

ઉત્તર પ્રદેશના મથુરામાં આરએસએસના અખિલ ભારતીય કાર્યકારી બોર્ડની બેઠક સમાપ્ત થઈ ગઈ છે, પરંતુ અહીં કંઈક એવું બન્યું છે જેના કારણે રાજકીય ઉત્તેજના જોર પકડવા લાગી છે. આ બેઠક દરમિયાન, સંઘના વડા મોહન ભાગવતે સમાજના તમામ વર્ગો સુધી પહોંચવા અને હિંદુ સમાજને એક રાખવા માટે પાણી, મંદિરો અને સ્મશાનગૃહો અંગેના ભેદભાવને સમાપ્ત કરવા માટે ઝડપી ગતિએ અભિયાન ચલાવવાની ચર્ચા કરી. આ બેઠકના છેલ્લા દિવસે આરએસએસમાં નંબર ટુ પદ પર રહેલા સરકાર્યવાહ દત્તાત્રેય હોસાબલેએ રાહુલ ગાંધી અને કોંગ્રેસને લઈને નિવેદન આપ્યું હતું, જેના કારણે એક નવો સવાલ ઉભો થયો છે.

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી ભારત જોડો યાત્રા દરમિયાન અને તે પહેલા છજ્જ અને ઈઉંડ પર પ્રહાર કરતા જોવા મળ્યા હતા. વર્ષ ૨૦૨૪માં સાંસદ તરીકે ચૂંટાયા બાદ તેમણે લોકસભામાં કહ્યું હતું કે ભાજપ અને આરએસએસ આખો હિન્દુ સમાજ નથી. તેણે ભારત જોડો યાત્રા દરમિયાન અનેકવાર ઉલ્લેખ કર્યો કે તે નફરતના બજારમાં પ્રેમની દુકાન ખોલવા આવ્યો છે. વાસ્તવમાં દત્તાત્રેય હોસાબલેએ સંઘની આ બેઠકમાં કહ્યું હતું કે કોંગ્રેસ સાથે અમારો કોઈ ઝઘડો નથી. તેમણે કહ્યું, અમે અને અમારા સંઘના લોકો આખા વર્ષ દરમિયાન સમાજના તમામ લોકોને મળીએ છીએ.

લોકસભાની ચૂંટણી પહેલા જ્યારે વરુણ ગાંધી કોંગ્રેસમાં જોડાઈ શકે છે તેવી જોરદાર ચર્ચા ચાલી રહી હતી ત્યારે રાહુલ ગાંધીએ તે સમયે કહ્યું હતું કે, ''તેમણે આરએસએસની વિચારધારા અપનાવી છે. તમે મારું ગળું કાપી નાખો તો પણ હું આરએસએસમાં નહીં જોડાઈ શકું. હોસબાલે જ્યાં કોઈ શક નથી ત્યાં સમાજના લોકો ભાઈચારો અને હિંદુ સંસ્કૃતિ શીખવવા માટે ભેગા થાય છે, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી તરફ ઈશારો કરતા દત્તાત્રેય હોસાબલેએ કહ્યું કે, સમાજમાં નફરતની કોઈ જરૂર નથી. તમે નફરતના બજારમાં પ્રેમની દુકાન ચલાવવા માંગો છો, પણ અમને મળવા નથી માંગતા. અમે મળવા માંગીએ છીએ.



# મુંબઈમાં સર્જાયો કરુણ અકસ્માત સિલિન્ડર ફાટતા ત્રણ લોકોના મોત

## દુકાન અને ઘરમાં લાગી આગ બાદ ફાટ્યો સિલિન્ડર ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા

નવીદિલ્હી, તા. ૩૧

દિવાળી પહેલા મુંબઈ નજીક નવી મુંબઈ શહેરમાં એક કરુણ અકસ્માત સર્જાયો હતો. નવી મુંબઈના ઉલવેમાં એક કરિયાણાની દુકાનમાં સિલિન્ડર વિસ્ફોટને કારણે ભીષણ આગ ફાટી નીકળી હતી. આ ઘટનામાં એક જ પરિવારના ૩ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. પોલીસ સમગ્ર મામલાની તપાસ કરી રહી છે. અધિકારીઓએ જણાવ્યું કે બુધવારે રાત્રે ૮ વાગ્યાની આસપાસ નવી મુંબઈના ઉલવેમાં એક જનરલ સ્ટોર અને એક મકાનમાં ભીષણ આગ લાગી હતી. આ દરમિયાન ત્રણ ગેસ સિલિન્ડર પણ ફાટ્યા હતા. આ અકસ્માતમાં એક મહિલા અને બે બાળકો સહિત પરિવારના ત્રણ સભ્યોના મોત થયા હતા, જ્યારે એક વ્યક્તિને ઈજા થઈ હતી. જે જનરલ સ્ટોરમાં આગ લાગી તે રમેશની માલિકીનો હોવાનું કહેવાય છે. રમેશ પણ આગમાં ઘાયલ થયો છે અને હાલમાં તે હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. આ ઘટનામાં રમેશની પત્ની અને બે બાળકોના મોત થયા હતા.

એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે પ્રાથમિક દૃષ્ટિએ એવું જાણવા મળ્યું છે કે કરિયાણાની દુકાનમાં ત્રણ ગેસ સિલિન્ડર વિસ્ફોટ થયા હતા અને દુકાન અને મકાનમાં આગ લાગી હતી. ૧૨ કિલો અને ૫ કિલોના બે નાના સિલિન્ડરમાં વિસ્ફોટ થયો હતો. અકસ્માતમાં ઈજાગ્રસ્ત દુકાનદારની પત્ની મંજુ અને તેના બે બાળકોના મોત થયા હતા. અધિકારીએ વધુમાં જણાવ્યું કે રમેશ રાજસ્થાનનો રહેવાસી હતો અને તેના પરિવાર સાથે મુંબઈમાં રહેતો હતો. તેમની એપોલો હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. ચીફ ફાયર ઓફિસર વિજય રાણેએ જણાવ્યું હતું કે, આગની માહિતી મળતાની સાથે જ ફાયર બ્રિગેડની બે ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી હતી અને આગને કાબૂમાં લીધી હતી. સ્થાનિક લોકોએ ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. શરૂઆતમાં એવું જાણવા મળે છે કે ગેસ સિલિન્ડરમાં વિસ્ફોટ થયા બાદ આગ લાગી હતી, પરંતુ તેની પુષ્ટિ કરવા માટે હજુ તપાસ ચાલી રહી છે.

આગની જાણ થતાં જ પોલીસે ઘટના સ્થળે પહોંચી પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. અઈડએ જણાવ્યું હતું કે પ્રાથમિક દૃષ્ટિએ જાણવા મળ્યું હતું કે કરિયાણાની દુકાનમાં ત્રણ ગેસ સિલિન્ડર ફાટ્યા હતા, જેના કારણે દુકાન અને મકાનમાં આગ લાગી હતી. ૫ કિલોના બે નાના અને ૧૨ કિલોના એક સિલિન્ડરમાં વિસ્ફોટ થયો હતો. આ ઘટનામાં ઘાયલની પત્ની (મંજુ) અને બે બાળકોના મોત થયા હતા. આ ઘટનામાં રમેશને ઈજા થઈ હતી. અધિકારીએ વધુમાં જણાવ્યું કે રમેશ રાજસ્થાનનો રહેવાસી હતો. પરિવાર સાથે મુંબઈમાં રહેતો હતો. તેમણે જણાવ્યું કે ઘાયલની અપોલો હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.જનરલ સ્ટોરમાં ત્રણ ગેસ સિલિન્ડર ફાટવાને કારણે પ્રથમ દ્રષ્ટિએ દુકાન અને મકાનમાં આગ લાગી હતી. આ ઘટનામાં ઘાયલની પત્ની મંજુ અને બે બાળકોના મોત થયા હતા. રમેશ ઘાયલ થયો હતો અને તેની એપોલો હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. ચીફ ફાયર ઓફિસર વિજય રાણેએ જણાવ્યું કે બે ફાયર એન્જિનની મદદથી આગને કાબૂમાં લેવામાં આવી છે.

# દિવાળી બાદ ઝારખંડમાં ભાજપ ચૂંટણી પ્રચારનો કરશે પ્રારંભ

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૪ નવેમ્બરે ઝારખંડમાં ચાઈબાસા અને ગઢવામાં ચૂંટણી રેલીઓ કરશે

નવીદિલ્હી, તા. ૩૧

ઝારખંડ વિધાનસભા ચૂંટણીમાં ભાજપના નેતૃત્વમાં એડીએ સંપૂર્ણ તાકાત સાથે ચૂંટણી મેદાનમાં ઉતર્યું છે. ઝારખંડમાં ૮૧ વિધાનસભા બેઠકો માટે ૧૩ નવેમ્બર અને ૨૦ નવેમ્બરના રોજ બે તબક્કામાં મતદાન થઈ રહ્યું છે અને ૨૩ નવેમ્બરે મહારાષ્ટ્ર તેમજ ઝારખંડમાં ચૂંટણી પરિણામો જાહેર કરવામાં આવશે. ચૂંટણી પંચ દ્વારા ચૂંટણીની જાહેરાત થતાં જ ભાજપના નેતૃત્વમાં એનડીએ ઉમેદવારોની જાહેરાત કરી દીધી છે અને હવે રાજકીય પક્ષોના નેતાઓએ પ્રચાર શરૂ કરી દીધો છે. રાજ્યમાં સત્તાધારી ઝારખંડ મુક્તિ મોરચાને હટાવવા માટે એનડીએ તેની સંપૂર્ણ શક્તિનો ઉપયોગ કરવાની તૈયારી કરી રહ્યું છે. પીએમ મોદી સહિત કેન્દ્રીય સ્તરના ભાજપના નેતાઓ ઝારખંડમાં પ્રચાર કરશે.

દિવાળી પછી પીએમ મોદી ઝારખંડમાં ચૂંટણી પ્રચારની શરૂઆત કરશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૪ નવેમ્બરે ઝારખંડમાં બે ચૂંટણી રેલીઓ કરશે. પીએમની આ બેઠકો ચાઈબાસા અને ગઢવામાં યોજાશે. ઝારખંડમાં પ્રથમ તબક્કાના મતદાન પહેલા પીએમ મોદી ત્રણ ચૂંટણી સભાઓ કરશે. પીએમની મીટિંગ દરમિયાન નજીકના મતવિસ્તારના એનડીએ ઉમેદવારો પણ પીએમ સાથે મંચ પર હશે.

ઝારખંડમાં બીજા તબક્કાની ચૂંટણી પહેલા પણ પીએમ મોદીની ૩ થી ૪ ચૂંટણી સભાઓ થશે અને રાંચીમાં રોડ શોનો પણ પ્રસ્તાવ છે. પીએમ મોદી ઝારખંડમાં ચૂંટણી પ્રચાર શરૂ કરે તેના એક દિવસ પહેલા ગૃહમંત્રી અમિત શાહ ઝારખંડમાં ચૂંટણી સભાઓને સંબોધિત કરશે. અમિત શાહ ૩ નવેમ્બરે ઘાટશિલા, સિમરિયા અને બરકાથામાં ચૂંટણી રેલીઓ કરશે.

ઝારખંડના દરેક વિભાગમાં પીએમ મોદીની ચૂંટણી સભા યોજવાની તૈયારીઓ ચાલી રહી છે. ઝારખંડમાં પાંચ વિભાગો છે, જેમાં પલામુ, સંથાલ પરગણા, કોલ્હાન, ઉત્તર છોટા નાગપુર, દક્ષિણ છોટા નાગપુરનો સમાવેશ થાય છે. પરંતુ ભાજપે સંગઠનની દૃષ્ટિએ રાજ્યને ૬ વિભાગમાં વહેંચી દીધું છે. છઠ્ઠો વિભાગ કોયલાંચલ છે જેમાં ધનબાદ, બોકારો, ગિરિડીહ વગેરેનો સમાવેશ થાય છે. પીએમના ચૂંટણી ભાષણોનું ધ્યાન સોરેન સરકાર સામેના ભ્રષ્ટાચારના આરોપો, ગેરકાયદેસર ખાણકામ તેમજ બાંગ્લાદેશી ઘૂસણખોરી, લવ જેહાદ, વસ્તી વિષયક પરિવર્તન, ધર્મ પરિવર્તન વગેરે પર રહેશે. ભાજપના નેતાઓ સતત બાંગ્લાદેશી ઘૂસણખોરી, લવ જેહાદ અને વસ્તી વિષયક પરિવર્તનનો મુદ્દો ઉઠાવી રહ્યા છે અને ઝારખંડ મુક્તિ મોરચા અને ભારત ગઠબંધન પર પ્રહારો કરી રહ્યા છે. ભાજપનો આરોપ છે કે બાંગ્લાદેશી ઘૂસણખોરોને કારણે રાજ્યમાં મુસ્લિમ વસ્તી વધી રહી છે અને તે રાજ્યના આદિવાસીઓ માટે અસ્તિત્વનો પ્રશ્ન છે.



# છોડો કલ કી બાતેં... નવું વર્ષ એટલે જીવનની નવી કહાની આલેખવાનો અવસર વાદ-વિવાદો ભૂલીને.....




HAPPY NEW YEAR.. દરેક વાચક મિત્રોનું નવું વર્ષ સુખ સમૃધ્ધિ-સ્વાસ્થ્ય-શાંતિ લઈને આવે તેવી શુભેચ્છા. ચોમેર નવા વર્ષની ઉજવણીનો માહોલ જામ્યો છે. જો કે ઘણાં નવા વર્ષની ઉજવણી આવતી કાલે કરનાર છે. તિથિભેદના કારણે આ બધાં ગોટાળા થાય છે.


જો કે સકારાત્મક દ્રિષ્ટ કોણ અપનાવીએ તો બે દિવસ દિપાવલી-નવું વર્ષ ઉજવાની તક ગોટાળાના કારણે મળે છે. કેલેન્ડર બદલે, નવું વર્ષ આવે એ સમગ્ર પ્રક્રિયા પ્રાકૃતિક છે. સમય રોકાયો નતી, રોકાતો નથી. પરિવર્તન પ્રકૃતિનો નિયમ છે.

સવાષલ એ થાય છે કે, પ્રકૃતિનો પ્રક્રિયા પ્રમાણે વર્ષ બદલાય છે, પણ આપણામાં પરિવર્તન આવે છે ? મોટાભાગે આ પ્રશ્નનો જવાબ નકારમાં હોય છે. ઘણા એવું માને છે કે, સારી સ્થિતિ હોય તેને પરિવર્તનની જરૂર હોતી નથી. આ સામે સવાલ થાય કે સારી સ્થિતિ એટલે શું ? ધંધા-પાણી, પરિવાર વગેરે બરાબર હોય એ જ સારી સ્થિતિ ગણાય ? આ બધું જ બાહ્ય છે, વાસ્તવમાં આંતરિક સ્થિતિનું જ મહત્વ છે. તન-મન અને ભાવનાત્મક સ્થિતિમાં નિરંતર સકારાત્મક બદલાવ લાવવાથી સુખાકારી અને આધ્યાત્મિકતાનું સ્તર ઉંચે જતું જાય છે. આ પરિવર્તનનું મહત્વ છે.

આ ઉંચાઈ પ્રાપ્ત કરવા માટે વાદ વિવાદ વિખવાદ માન્યતાઓ અનુગ્રહો-પૂર્વગ્રહો વગેરેથી મુકત થવા તરફ કદમ માંડવા જોઈએ. આવી તમામ બાબતો સુખાકારીમાં અવરોધક બને છે. કોઈપણ બાબતમાં જડતા પારિવારિકથી માંડીને સામાજિક સહિતના વિવાદોનું કારણ બને છે. આ ઉપરાંત ભૂતકાળમાં થયેલા ખરાબ અનુભવો યાદ રાખીને તેના રિએકેશનરૂપે વર્તમાનમાં વ્યવહારો કરવા એ પણ ખતરનાક પરંપરા છે, જેના દુષ્પરિણામો સતત મળતા રહે છે.

ગાયક સ્વ.મુકેશજીના અવાજમાં એક ગીત છે, 'છોડો કલ કી બાતેં, કલ કી બાત પુરાની... નયે દૌરપે લીખેંગે મિલ કર નઈ કહાની... આ ગીતને અનુશરવામાં આવે તો નવા વર્ષે નવો માહોલ બને. કેલેન્ડર સાથે આપણે પણ પરિવર્તિત થઈ શકીએ.

નવા વર્ષે જુની માનસિકતા, જુના વિવાદો, જુના વિખવાદો, જુની ગેરમાન્યતાઓી બધું જ ચાલુ હે તો નવા વર્ષની કંઈ જ વેલ્યુ રહેતી નથી. ઉજવણી માત્ર ઔપચારિક બની રહે તે આવકાર્ય નથી. રૂબરૂ કે કોલ-સોશિયલ મીડિયા દ્વારા અભિનંદન-શુભેચ્છા આપવા એ ઔપચારિકતાનો જ ભાગ છે. દૈવીક્ષણો માત્ર વ્યવહાર બનીને રહી ગઈ છે. બદલાતા વર્ષે આપણે બધાં પણ શકારાત્મક બદલાવ લાવી શકીએ તેવી પ્રકૃતિને પ્રાર્થના.



પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

### રાજકોટ ક્રાઇમ બ્રાંચે ફાસ્ટટેગના આધારે દારૂનો ખટારો છેક આગ્રાથી આવ્યાનું શોધી કાઢ્યું હતું

# દારૂના સપ્લાયરોનું નવું તૂતઃ જેટલા ટોલનાકા એટલા ફાસ્ટટેગ!

## ૭૬.૧૩ લાખના દારૂ સાથેનું ટેન્કર ઝડપી લેવાયું તેમાંથી ઓગણત્રીસ ફાસ્ટગેટ મળતાં નવી એમઓનો પર્દાફાશઃ ચાર રાજ્યો બદલીને ગુજરાતમાં ઘુસ્યું હતું ટેન્કર

**(દર્શનસિંહ જાડેજા દ્વારા)**
**રાજકોટ મિરર તા. ૩૧**

દારૂબંધી ધરાવતાં ગુજરાત રાજયમાં કાયદેરસ એટલે કે હેલ્થ પરમીટનો દારૂ વેંચાતો અને પીવાતો નથી એના કરતાં અનેકગણો દારૂ ગેરકાયદેસર રીતે ગુજરાતમાં બહારના રાજ્યોમાંથી ઘુસાડાય છે, વેંચાય છે અને પીવાય પણ જાય છે. તેમાં પણ મોટા તહેવારો વખતે અહિ ખટારામોઢે દારૂ ઠાલવવાની શરૂઆત થઇ જાય છે. જો કે આ વખતે રાજકોટ શહેરની વાત કરીએ તો અહિ ખાસ અને ખાસ દારૂ જૂગારની પ્રવૃતિને ડામવા માટે જ પોલીસ કમિશરની સીધી દેખરેખ હેઠળ દારૂ જૂગારની બદીને સદંતર બંધ કરાવી દેવામાં આવી હોઇ હાલમાં રાજકોટમાં પ્યાસીઓ બાટલીઓ ગોતવા દોડધામ કરતાં થઇ ગયા છે. જો કે બીજી તરફ બહારના રાજ્યના સપ્લાયરો ગુજરાતમાં દારૂ ઘુસાડવા નીતનવી તરકીબો લાવી રહ્યા છે. હવે માફિયાઓની નવી મોડસ ઓપરેન્ડી અપનાવતા થયા છે. દારૂની એક ગાડી માટે દરેક ટોલનાકા પર અલગ અલગ ફાસ્ટેગનો ઉપયોગ કરવા માંડ્યા છે. રાજકોટ ક્રાઇમ બ્રાંચે અગાઉ છેક આગ્રાથી દારૂનો ખટારો આવ્યાનો પર્દાફાશ ફાસ્ટટેગને આધારે કર્યા બાદ હવે સપ્લાયરોએ આમાં પણ છટકબારી શોધી લીધી છે.

વિગતો પર નજર કરીએ તો રાજકોટ શહેર ક્રાઇમ બ્રાંચે પખવાડીયા પહેલા દારૂ ભરેલો એક ટ્રક ઝડપી લીધો હતો અને તહેવાર ટાણે રેલમછેલ થતી અટકાવી હતી. જો કે એ ટ્રક ક્યાંથી આવ્યો તેની તપાસ ઝીણવટભરી રીતે થતાં ફાસ્ટટેગનો રૂટ ચેક કરતાં છેક આગ્રાથી એ ટ્રક આવ્યાની અને સપ્લાયરની વિગતો પણ મળી ગઇ હતી. જો કે હવે સપ્લાયરો આમાં પણ નવુ શોધી લાવ્યા છે. હરિયાણા, રાજસ્થાન તેમજ અન્ય રાજ્યોમાંથી ગુજરાતમાં દારૂનો જથ્થો ઠાલવવા માટે પોલીસની નજરથી બચવા માટે દારૂ માફિયાઓ દ્વારા નવી ટેકનિક અપનાવવામાં આવી છે. પોલીસ દારૂ ભરેલું વાહન ટ્રેક ના કરી શકે તે માટે હવે એક જ વાહનમાં દરેક ટોલનાકા પર અલગ અલગ ફાસ્ટેગનો ઉપયોગ કરતાં થઇ ગયા છે!



વધુ માહિતી જોઇએ તો બે દિવસ પહેલાં રાજસ્થાન પાસિંગનું એક એલપીજી ટેન્કર જરોદ હાઇવે પર કીચુ ચોકડી પાસેથી જિલ્લા પોલીસે ઝડપી પાડી ડ્રાઇવર જોગારામ કાલુરામ જાટ (રહે. સીણધરી, જિલ્લો બાડમેર, રાજસ્થાન)ની ધરપકડ કરી ટેન્કરની અંદરથી રૂપિયા ૭૬.૧૩ લાખ કિંમતની વિવિધ બ્રાંડની દારૂની પેટીઓ મળી હતી. પોલીસે દારૂનો જથ્થો, મોબાઇલ તેમજ ટેન્કર મળી કુલ રૂપિયા ૯૧.૧૮ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે દારૂનો જથ્થો તેમજ ટેન્કર કબજે કર્યુ તે સમયે ટેન્કરની કેબિનમાંથી ૨૯ ફાસ્ટેગ મળી હતી. આટલી મોટી સંખ્યામાં મળેલી ફાસ્ટેગથી પોલીસ પણ ચોંકી ગઇ હતી. આ ફાસ્ટેગ મોટી સંખ્યામાં કેમ રાખવામાં આવી તેની ડી તપાસમાં ચોંકાવનારી વિગતો બહાર આવી છે. દારૂમાફિયાઓ દ્વારા પોલીસને ગેરમાર્ગે દોરવા માટે નવી ટેકનિક અપનાવવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું.

બાતમીદાર દ્વારા દારૂ ભરેલા વાહનનો નંબર પોલીસને આપવામાં આવે છે જેથી તે નંબરના વાહન પર લેવાયેલી ફાસ્ટેગ પોલીસ દ્વારા ટ્રેસ કરવામાં આવતી હોય છે પરંતુ વાહન એક જ જ્યારે દરેક ટોલનાકા પર અલગ અલગ ફાસ્ટેગનો ઉપયોગ પોલીસને પણ ગોળગોળ ફેરવી દે છે. પોલીસને જાણવા મળ્યું હતું કે દરેક ટોલનાકા પરથી ટેન્કરને પાસ કરવા માટે અલગ અલગ ફાસ્ટેગનો ઉપયોગ કરવામાં આવતો હતો અને પોલીસની આંખમાં ધૂળ નાંખવામાં આવી હતી. એક જ વાહનમાં અલગ અલગ ફાસ્ટેગનો ઉપયોગ કરી છેક હરિયાણાથી દારૂનો જથ્થો ગુજરાતમાં ઘુસાડવાની નવી એમઓ -થમ વખત પોલીસની જાણમાં આવી છે. પોલીસે કબજે કરેલી ૨૯ ફાસ્ટેગોનો હવે અભ્યાસ કરવામાં આવી રહ્યો છે.

તપાસમાં એ પણ ખુલ્યું છે કે હરિયાણાના દારૂ માફિયાએ હાઇવે પર જ ચાવી અંદર રાખેલ એલપીજી ટેન્કર ડ્રાઇવરના હવાલે કરી હતી અને જરૂરી સુચનાઓ આપી હતી. જે મુજબ ડ્રાઇવર હરિયાણાથી ટેન્કર લઇને ચાર રાજ્યો ખૂંદીને ગુજરાતની હદમાં પ્રવેશ્યો હતો. તેણે પોલીસને કહ્યું હતું કે ટેન્કર લઇને હું ભીવાની, દિલ્હી, લખનૌ, આગ્રા, ઝાંસી, ગ્વાલિયર, ઇન્દોર, જાંબુઆ, દાહોદ, ગોધરા અને હાલોલ થઇને આવ્યો હતો. હાલોલ-વડોદરા સ્ટેટ હાઇવે દારૂની હેરાફેરી માટે સ્વર્ગસમાન છે. જરોદ પોલીસના સ્ટાફથી દારૂ ભરેલી ગાડીઓ ઝડપાતી નથી અને જિલ્લા ક્રાઇમ બ્રાંચને મોટી મોટી ગાડીઓ દારૂ ભરેલી મળે છે. જરોદ પોલીસને અંધારામાં રાખીને બ્રાંચ દ્વારા કામગીરી થતા જરોદ પોલીસની કામગીરી પર પણ શંકાઓ ઉપસ્થિત થઇ છે.હરિયાણા અથવા મધ્યપ્રદેશ તેમજ રાજસ્થાનથી આવતા દારૂના નેટવર્કને તોડવા પોલીસ વધુ સક્રિય બને તે જરૂરી છે.

રાજકોટ ક્રાઇમ બ્રાંચે ફાસ્ટટેગ આધારે પગેરૂ શોધ્યા પછી હવે સપ્લાયરોએ નવો રસ્તો અપનાવી જેમ ટોલનાકુ બદલે એમ નવા ફાસ્ટટેગનો ઉપયોગ કરી દારૂ ઘુસાડવાનું શરૂ કર્યુ છે. જો કે આમ છતાં ટ્રક પકડાઇ ગયો હતો. આ દારૂ ગુજરાતના ક્યા ક્યા શહેરમાં પહોંચવાનો હતો? તેની પણ તપાસ થઇ રહી છે.

# કોંગ્રેસના નેતાઓ ભાજપમાં જોડાવા થઈ રહ્યા છે રાજીઃ દેવેન્દ્ર ફડણવીસ

## રાહુલ ગાંધીના ગેરંટી કાર્ડથી કોંગ્રેસને રાજસ્થાન અને છત્તીસગઢમાં સત્તા જાળવી રાખવામાં મદદ મળી નથી

નવીદિલ્હી, તા. ૩૧



મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણીના દિવસો નજીક આવી રહ્યા છે. તે પહેલા શાસક પક્ષ અને વિપક્ષના નેતાઓ વચ્ચે હુમલાઓ અને વળતો પ્રહારોનો દોર ચાલી રહ્યો છે. દરમિયાન, મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અને ભાજપના વરિષ્ઠ નેતા દેવેન્દ્ર ફડણવીસે ચૂંટણી પહેલાં ગેરંટી કાર્ડ રજૂ કરવાની કોંગ્રેસની યોજનાની ટીકા કરી હતી. ફડણવીસે કહ્યું કે રાજસ્થાન અને છત્તીસગઢમાં આ પ્રયોગ નિષ્ફળ ગયો છે. રાજ્ય કોંગ્રેસના નેતાઓએ કહ્યું છે કે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી પાર્ટીના ચૂંટણી વચનો ધરાવતું ગેરંટી કાર્ડ જારી કરશે.

દેવેન્દ્ર ફડણવીસે કહ્યું, રાહુલ ગાંધીના ગેરંટી કાર્ડથી કોંગ્રેસને રાજસ્થાન અને છત્તીસગઢમાં સત્તા જાળવી રાખવામાં મદદ મળી નથી. તેમણે એ પણ સમજાવવું જોઈએ કે તેલંગાણા અને હિમાચલ પ્રદેશમાં ગેરંટી કાર્ડ શા માટે લાગુ કરવામાં આવી રહ્યું નથી. તે અહીં પણ નિષ્ફળ જશે. સત્તાધારી ભાજપ, શિવસેના, ની 'મહાગઠબંધન' વ્યૂહરચના અંગે સત્તાવાર ઉમેદવારો સામે નામાંકન દાખલ કરનારા બળવાખોરોનો સામનો કરવા માટે, ફડણવીસે જણાવ્યું હતું કે ના વડા અજિત પવાર સહિતના ગઠબંધનના નેતાઓએ આ મુદ્દે મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના નિવાસસ્થાને બેઠક યોજી હતી. બીજેપી નેતાએ વધુમાં કહ્યું, અમે તમામ મુદ્દાઓ ઉકેલી લીધા છે અને તમે જોશો કે ઘણા બળવાખોરો ૪ નવેમ્બર સુધીમાં તેમના ઉમેદવારીપત્રો પાછા ખેંચી લેશે.'' તેમણે કહ્યું કે તેઓ બળવાખોરો સાથે ચર્ચા કરશે અને તેમની ફરિયાદોનું નિરાકરણ કરશે. નામાંકન પરત ખેંચવાની છેલ્લી તારીખ ૪ નવેમ્બર છે જ્યારે મતદાન ૨૦ નવેમ્બરે થશે. ફડણવીસે કહ્યું કે, મહાયુતિના ઉમેદવારો દ્વારા સબમિટ કરવામાં આવેલા ઉમેદવારી પત્રો સ્વીકારવામાં આવ્યા છે. અમે ૫મી નવેમ્બરથી પૂરા ઉત્સાહ સાથે અમારું અભિયાન શરૂ કરીશું.

બોરીવલી વિધાનસભા ક્ષેત્રમાંથી અપક્ષ તરીકે ચૂંટણી લડી રહેલા પૂર્વ સાંસદ ગોપાલ શેટ્ટી વિશે પૂછવામાં આવતા દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે શેટ્ટી એક વફાદાર અને પ્રામાણિક પાર્ટી કાર્યકર છે. ''અમે તેમને તે પરત લેવા માટે સમજાવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ,'' તેમણે કહ્યું. જો મહાગઠબંધન સત્તા જાળવી રાખશે તો શું તેઓ એનસીપીના નેતા નવાબ મલિકને સામેલ કરવા ઇચ્છુક છે, તે અંગે પૂછ્વામાં આવતા ફડણવીસે કહ્યું, ''અમારી પાર્ટી મલિક માટે પ્રચાર પણ કરશે નહીં, તેથી તેમને મંત્રી તરીકે સામેલ કરવા જોઈએ.'' જેમ કે સમાવેશ. અમારી પાર્ટી શિવસેનાના ઉમેદવાર મલિક સામે ચૂંટણી પ્રચાર કરશે. તમને જણાવી દઈએ કે નવાબ મલિક મુંબઈના માનખુર્દ-શિવાજીનગરથી અજિત પવારના નેતૃત્વવાળી રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના સત્તાવાર ઉમેદવાર છે.

# ભારત-ચીનના સંબંધોમાં આવશે મિઠાશ રાજનાથસિંહ

## એલએસી સાથેના અમુક વિસ્તારોમાં સંઘર્ષને ઉકેલવા માટે, ભારત અને ચીન વચ્ચે રાજદ્વારી અને સૈન્ય સ્તરે વાટાઘાટો થઈ રહી છે

નવીદિલ્હી, તા. ૩૧

ભારત અને ચીન વચ્ચેની મહત્વપૂર્ણ સમજૂતી બાદ સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આશા વ્યક્ત કરી છે કે વાતચીત આગળ વધશે. તેમણે કહ્યું કે તેઓ વાટાઘાટોને આગળ લઈ જવાનો પૂરો પ્રયાસ કરશે, પરંતુ તેના માટે થોડો સમય રાહ જોવી પડશે. રક્ષા મંત્રીએ સ્પષ્ટ કર્યું કે હવે બંને દેશોની સેનાઓ એલએસીથી પીછેહઠ કરી છે અને સૈનિકોના પેટ્રોલિંગની સાથે પ્રાણીઓને ચરાવવા અંગે પણ કરાર કરવામાં આવ્યા છે.

રાજનાથ સિંહે કહ્યું, ''એલએસી સાથેના અમુક વિસ્તારોમાં સંઘર્ષને ઉકેલવા માટે, ભારત અને ચીન વચ્ચે રાજદ્વારી અને સૈન્ય સ્તરે વાટાઘાટો થઈ રહી છે. તાજેતરની વાટાઘાટો પછી, જમીન પર સ્થિતિને પુનઃસ્થાપિત કરવા માટે વ્યાપક સર્વસંમતિ સધાઈ હતી. આ સમજૂતી સમાનતા અને પરસ્પર સુરક્ષા પર આધારિત છે, આ કરારના આધારે, આ મામલો છૂટાછેડાથી આગળ વધવો જોઈએ.

રાજનાથ સિંહે 'બડા ખાના' પ્રસંગે તેજપુરમાં ગજરાજ કોર્પ્સના મુખ્યાલયમાં ભારતીય સેનાના જવાનોને સંબોધિત કરતી વખતે શાંતિ પ્રક્રિયામાં સૈનિકોના પ્રયાસોની પ્રશંસા કરી હતી. ''અમે સર્વસંમતિ દ્વારા આ શાંતિ પ્રક્રિયા ચાલુ રાખવા માંગીએ છીએ,'' તેમણે કહ્યું. આપણા પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીએ કહ્યું હતું કે આપણે મિત્રો બદલી શકીએ છીએ, પરંતુ પાડોશી નહીં. અમે અમારા પડોશીઓ સાથે સારા સંબંધો જાળવી રાખવા માંગીએ છીએ અને આ ભારતની સ્પષ્ટ નીતિ છે. તેમણે કહ્યું કે, જો કે, કેટલીકવાર એવી પરિસ્થિતિઓ ઊભી થાય છે કે દેશની સરહદોની સુરક્ષા માટે સંઘર્ષ કરવો પડે છે, જ્યારે સરકાર શાંતિ જાળવવા માટે તમામ શક્ય પ્રયાસો કરી રહી છે.



તેણે કહ્યું, ''આ નાની વાત નથી, બહુ મોટી વાત છે. અમે તમારા કારણે આ બધું પ્રાપ્ત કર્યું છે. આ પરસ્પર સંચાર શક્ય હતો કારણ કે દરેક તમારી હિંમત અને બહાદુરીથી વાકેફ છે.'' સિંહે કહ્યું કે ઉત્તર-પૂર્વ સુરક્ષાના દષ્ટિકોણથી ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેમણે કહ્યું, ''આ વિસ્તાર પ્રાકૃતિક દષ્ટિકોણથી જેટલો સુંદર છે, તેટલો જ ભૌગોલિક દષ્ટિકોણથી પણ પડકારજનક છે.'

' રક્ષા મંત્રીએ કહ્યું કે ભારત અને ચીન મુદ્દાઓને ઉકેલવા માટે લાંબા સમયથી વાત કરી રહ્યા છે. તેમણે કહ્યું, ''એલએસી (વાસ્તવિક નિયંત્રણ રેખા) પર આ એક મુખ્ય સરહદ વિકાસ છે. અમારા પ્રયત્નો પછી, અમે સાથે જમીનની સ્થિતિ પર સર્વસંમતિ પર પહોંચી ગયા છીએ.

ભારતીય સૈન્યના સૂત્રોએ બુધવારે જણાવ્યું હતું કે ભારત અને ચીન વચ્ચેના મહત્વના કરારને પગલે, પૂર્વી લદ્દાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખા (એલએસી) પરના બે સ્ટેન્ડઓફ પોઈન્ટ ડેમચોક અને ડેપસાંગમાંથી સૈનિકો પાછા હટાવવાની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે અને ટૂંક સમયમાં તેને તૈનાત કરવામાં આવશે. પરંતુ પેટ્રોલિંગ શરૂ કરવામાં આવશે. સિંઘને દિવસ દરમિયાન તવાંગ જવાનું હતું, પરંતુ ખરાબ હવામાનને કારણે તેમનો પ્રવાસ રદ કરવો પડ્યો હતો. હવે તે ગુરુવારે ત્યાં જશે. 'બડા ખાના' એક ભોજન સમારંભ છે જેમાં તમામ રેન્કના કર્મચારીઓ સાથે મળીને ભોજન કરે છે.

### રાજયમાં દારૂની સાથે સાથે ડ્રગ્સનું દૂષણ પણ કરી ગયું છે ઘરઃ હેરાફેરીનો થયો પર્દાફાશ

# રાજકોટના પેડલરે છેક તેલંગણાથી MD મંગાવ્યુ, પણ પકડાઇ ગયું

## પોલીસે કેરળના મુહમ્મદ મુબીરને દબોચતાં તેણે કિરણનું નામ દીધુંઃ તાજેતરમાં રાજકોટ એસઓજીએ માદક પદાર્થના ધડાધડ કેસ કરી લાખોનો મુદ્દામાલ પકડ્યો હતોઃ તેલંગણાથી ડ્રગ્સ મંગાવનાર કોણ? તેની તપાસ

**(દર્શનસિંહ જાડેજા દ્વારા)**
**રાજકોટ મિરર તા. ૩૧**

રાજ્યમાં દારૂબંધી છે છતાં દારૂ વેંચાય છે પીવાય છે હેરફેર થાય છે અને લાખો કરોડોના દારૂ પોલીસ દ્વારા પકડાય પણ છે. ગુજરાતમાં દારૂ ઉપરાંત હવે માદક પદાર્થનું દૂષણ પણ ઘર કરી ગયું છે. અવાર-નવાર દારૂની સાથે સાથે પોલીસ અને અન્ય એજન્સીઓ ડ્રગ્સ પણ પકડી પાડે છે. તાજેતરમાં શહેર એસઓજીએ રાજકોટમાં ઉપરા ઉપર છ દરોડા પાડી લાખોનું એમડી, ગાંજો સહિતના માદક પદાર્થો ઝડપી લઇ હેરાફેરીનો પર્દાફાશ કર્યો હતો. આ વચ્ચે વધુ એક વખત ડ્રગ્સની હેરાફેરીમાં રાજકોટનું નામ સામે આવ્યું છે. છેક તેલંગણાથી રાજકોટમાં પહોંચાડવા માટે રવાના થયેલુ એમડી ડ્રગ્સ અહિ મંગાવનાર સુધી પહોંચે એ પહેલા પકડાઇ ગયું છે. આ ડ્રગ્સ રાજકોટના કયા પેડલરે મંગાવ્યું હતું? તેની તપાસ શરૂ થઇ છે.

ગુજરાત રાજયમાં દારૂની હેરફેરને અટકાવવા પોલીસ સક્રિય છે એ જ રીતે હવે માદક પદાર્થોના દૂષણને ડામવા માટે પણ પોલીસ વધુ ને વધુ સક્રિય થઇ છે. તેના ફળ સ્વરૂપે વધુ એક વખત ડ્રગ્સની હેરાફેરીનો પર્દાફાશ થયો છે. ખેડા જીલ્લાના ગળતેશ્વરના મહારાજના મુવાડા પાસેથી સાડા છ લાખના ડ્રગ્સ સાથે સપ્લાયર પકડાયો છે. આ શખ્સ છેક તેલંગાણાથી આ માદક પદાર્થ લઇને નીકળ્યો હતો અને તેને રાજકોટ ખાતે પહોંચાડવાનું હતું. વધુ વિગતો જોઇએ તો ખેડા જિલ્લાના સેવાલીયા પોલીસ સ્ટેશનની હદમાં મહારાજાના મુવાડા નવી ચેક પોસ્ટ પાસેથી મેફેડ્રોન ડ્રગ્સ સાથે એકને સ્થાનિક પોલીસે ઝડપી લીધો છે. કુલ રૂપિયા છ લાખ પંચાવન હજારની કિંમતના ડ્રગ્સ સાથે સપ્લાયરને પકડી લેવાયો હતો. આ લાખોની કિંમતનો ડ્રગ્સ તેલંગણાથી રાજકોટ



લઈ જવાતું હોવાની આરોપીએ પોલીસ સમક્ષ કબૂલાત કરી છે. પોલીસે પકડાયેલા આરોપીના રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી છે.

પોલીસે જાહેર કરેલી વિગતો અનુસાર સેવાલીયા પોલીસ સ્ટેશનની હદમાં આવતા મહારાજાના મુવાડા નવી ચેકપોસ્ટ પાસેથી સ્થાનિક પોલીસ ભોપાલથી રાજકોટ જતી ખાનગી ટ્રાવેલ્સ બસને અટકાવી હતી. જેમાંથી એક શંકાસ્પદ વ્યક્તિની તલાસી લેતા તેની પાસેથી મેફેડ્રોન નામનુ ડ્રગ્સ મળી આવ્યું હતું. પોલીસે આ આરોપીની પુછપરછ કરતા તેણે પોતાનું નામ મુહમ્મદ મુબીર સુલેમાન કુંજ (રહે.તિરૂવલ્લા, કેરળ) હોવાનું જણાવ્યું હતું. વધુમાં આ આરોપી પાસેથી રૂપિયા ૬ લાખ ૫૫ હજારનુ આ ડ્રગ્સ મળી આવ્યું હતું. પ્રાથમિક પુછપરછમાં આ મુહમ્મદે પોલીસ સમક્ષ જણાવેલ ક આ મેફેડ્રોન નામનું ડ્રગ્સનો જથ્થો તેલંગણાના કિરણ નામના વ્યક્તિએ આપેલો હતો અને તેને ગુજરાતના રાજકોટ શહેરમાં આપવા જવાનો હતો.

પોલીસે આ આરોપી પાસેથી રોકડ રૂપિયા અને મોબાઇલ ફોન મળી કુલ રૂપિયા ૬ લાખ ૬૫ હજાર ૯૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે અને પકડાયેલા ઈસમના રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી છે. છેક તેલંગણા સુધી રાજકોટના કયા પેડલરના છેડા છે? આ માદક પદાર્થ કોણે મંગાવ્યો? તેની તપાસ હવે પછી થશે. ઉલ્લેખનિય છે કે તાજેતરમાં પોલીસે માદક પદાર્થ બનાવતી ફેકટરીઓ પકડીને કરોડોનો માદક પદાર્થ કબ્જે કર્યો હતો. ત્યાં હવે એમડીની હેરાફેરીનો વધુ એક વખત પર્દાફાશ થયો છે. તાજેતરમાં જ શહેર એસઓજીની ટીમોએ ઉપરાઉપરી લાખોનો માદક પદાર્થ ઝડપી લેવામાં સફળતા મેળવી હતી. આ અડધો ડઝન દરોડાની તપાસમાં જે તે વખતે મુંબઇ, સુરત, રાજસ્થાન તરફના પગેરા નીકળ્યા હતાં. ત્યાં હવે તેલંગણાથી રાજકોટમા ડ્રગ્સ આવી રહ્યાનું ખુલ્યું છે.

ઇશ્કના રસ્તે ચડ્યા પછી મજા જ નોખી હોય છે, પણ પકડાઇ ગયા પછીની વાત જ અનોખી હોય છે

# પ્રેમિકા સાથેનું મિલન મોઘુ પડ્યું: પ્રેમીની આખી રાત ધોલાઇ

## અર્ધબેભાન હાલતમાં ચોરવાડના યુવાનને રાજકોટ સારવારમાં ખસેડાયો: કેશોદની યુવતિ સાથે લવ થતાંમોડી રાતે મળવા ગયો: ત્યાં જ યુવતિના સગા આવી ગયા: રિક્ષામાં નાંખી વાડીએ લઇ જઇ ભરપેટ ધોકાવ્યો

**(દર્શનસિંહ જાડેજા દ્વારા)**
**રાજકોટ મિરર તા. ૩૧**

અઢી અક્ષરના પ્રેમ પાછળ અનેક બરબાદ થઇ જાય છે. અમુકને પ્રેમ ફળે છે તો અમુકને ધોકા પણ પડે છે. પ્રેમનો મોટે ભાગે સમાજ વિરોધ કરતો હોય છે. આ કારણે મારામારી, હત્યા સહિતની ઘટનાઓ પણ બનતી હોય છે. કંઇક આવા જ એક બનાવમાં પ્રેમમાં પડેલો યુવાન મોડી રાતે પ્રેમિકાને મળવા ગયો હતો. મિલન મુલાકાત પુરા થયા ત્યાં જ પ્રેમિકાના સગા આવી જતાં આ પ્રેમીને ઉઠાવી લીધો હતો અને રિક્ષામાં નાખી વાડીએ લઇ જઇ રાત આખી તેની ધોલધપાટ કરી હતી. અર્ધબેભાન જેવો થઇ ગયા બાદ તેને છોડી મુકાતાં કેશોદ સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

ઢાઇ અક્ષર પ્રેમ કે સામંભળતા જ બધાને પ્રેમમાં પડવાની ઇચ્છા થઇ જતી હોય છે. પરંતુ બધાને પ્રેમ મળતો હોતો નથી, અને બધાને ફળતો પણ હોતો નથી. પ્રેમના કારણે ઘણીવાર પ્રેમીની હાલત ખરાબ થઇ જતી હોય છે. પ્રેમ પ્રકરણો અનેક વખત ડખ્ખાનું કારણ બનતાં હોય છે. દરમિયાન ચોરવાડના ચોવીસ વર્ષના યુવાનને તે ગાડીના ફેરા કરવા કેશોદ આવતો જતો હોઇ અહિની એક યુવતિ સાથે પ્રેમ થઇ જતાં પરમ દિવસે મોડી રાતે કેશોદમાં યુવતિને મળવા આવ્યો હતો. બંને કોર્ટ નજીક એક શેરી ગલીમાં થોડીવાર ઉભા હતાં અને બાદમાં તે યુવતિને કોર્ટ પાસે પરત મુકવા આવ્યો ત્યારે યુવતિના સગા સંબંધીઓ જોઇ જતાં તેને રિક્ષામાં નાંખી એક વાડીમાં લઇ જઇ મોડી રાતથી સવારના છએક વાગ્યા સુધી ધોકા-પાઇપથી તેની બેફામ ધોલધપાટ કરી હતી. બાદમાં જ્યાંથી ઉઠાવ્યો હતો ત્યાં ફેંકી દેવાયો હતો. ગંભીર ઇજા થતાં તેને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો છે. વિગતો પર નજર કરીએ તો ચોરવાડ ગામમાં મોમાઇ માતાજીના મંદિર પાસે રહેતાં રવિ હરદાસભાઇ ચાવડા નામના ચોવીસ વર્ષના યુવાનને રાતે દોઢેક વાગ્યે કેશોદની કોર્ટ પાસે હતો ત્યારે ત્યાંથી તેને રિક્ષામાં નાંખી એકાદ વાડીએ લઇ જવાયા બાદ મારકુટ કરવામાં આવતાં અને સવારે છોડી મુકવામાં આવતાં કેશોદ સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો છે.


એવો માર પડ્યો કે પહોંચી ગયો હોસ્પિટલના ખાટલે, સારવાર શરૂ થઇ ઓક્સિજન અને ગ્લુકોઝના બાટલે

વધુ માહિતી અનુસાર રવિ બે ભાઇમાં નાનો છે અને ડ્રાઇવીંગ કરી પરિવારને મદદરૂપ થાય છે. તેના સગાએ વધુ વિગતો આપતાં જણાવ્યું હતું કે રવિ ગાડી લઇ ફેરા કરવા કેશોદ આવતો જતો હોઇ છએક મહિના પહેલા અહિ રહેતી અને કારખાનામાં કામે આવતી એક યુવતિ સાથે તેનો પરિચય થયો હતો. બાદમાં બંને વચ્ચે પ્રેમ થઇ ગયો હતો. આ દરમિયાન પરમ દિવસે રાતે રવિ ચોરવાડથી કેશોદ યુવતિને મળવા આવ્યો હતો અને કેશોદ કોર્ટ નજીક કોઇ શેરી ગલીમાં તે અને યુવતિ મળ્યા હતાં. ત્યારપછી તે યુવતિને પરત મુકવા રોડ પર આવ્યો ત્યાં જ યુવતિને શોધતા તેના સગા આવી જતાં તેને ઉઠાવી લીધો હતો. રવિને પીયાગો રિક્ષામાં નાખીને રવિને કોઇ વાડીએ લઇ જવાયો હતો. જ્યાં તેને થોડી થોડીવારે ધોકા પાઇપથી માર મારવામાં આવતો હતો. આ રીતે સવાર સુધી મારકુટ થતાં આખા શરીરે ચાંભા પડી ગયા હતાં.

બેફામ મારકુટ થવાને કારણે રવિને આખા શરીરે ચાંભાઓ પડી ગયા હતાં અને અર્ધબેભાન થઇ ગયો હતોં બાદમાં તેને કેશોદ કોર્ટ પાસે જ ફેંકી દેવાયો હતો અને હવે પછી ગામમાં પગ નહિ મુકવાની ધમકી અપાઇ હતી. અર્ધબેભાન થઇ ગયેલા રવિએ ભાનમાં આવ્યા બાદ પરિવારજનોને જાણ કરતાં કેશોદ સારવાર અપાવી રાજકોટ સિવિલમાં ખસેડાયો છે.

રાજકોટ સિવિલ હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, અશ્વિનભાઇ, તૌફિકભાઇ, ભાવેશભાઇ, ધર્મેન્દ્રભાઇએ જાણ કરતાં કેશોદ પોલીસે ફરિયાદ દાખલ કરવા તજવીજ કરી હતી. આમ પ્રેમપ્રકરણ વધુ એક વખત એક પ્રેમી માટે આકરૂ સાબિત થયું હતુ અને તેને એવો માર પડ્યો હતો કે હોસ્પિટલના ખાટલે પહોંચવું પડ્યું હતુ. અહિ ઓક્સિજન અને ગ્લુકોઝના બાટલાના ડોઝ લેવા પડયા હતાં.

# ૬ પોલીસ અધિકારી અને જવાનોને કેન્દ્રીય ગૃહમંત્રી પદક

## સારા ઇન્વેસ્ટિગેશન બદલ આઇપીએસ નિર્લિપ્ત રાય, લવીના સિન્હા અને એટીએસના વીરજીતસિંહ પરમારને સન્માનિત કરાશે



રાજકોટ મિરર, તા.૩૧

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે ૨૦૨૪ માટે કેન્દ્રીય ગૃહ મંત્રી કાર્યક્ષમતા પદક એવોર્ડની જાહેરાત કરી છે. આ એવોર્ડ મેળવનારમાં ગુજરાતના ત્રણ પોલીસ અધિકારી અને ત્રણ પી.આઈનું એવોર્ડ આપી સન્માન કરવામાં આવશે. આ એવોર્ડ એવા અધિકારીઓને આપવામાં આવે છે જેમણે તેમની સેવા દરમિયાન ઉત્કૃષ્ટ કામગીરી દર્શાવી હોય. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે ૨૦૨૪ માટે કેન્દ્રીય ગૃહ પ્રધાન કાર્યક્ષમતા પદકની જાહેરાત કરી છે. ૪૬૩ અધિકારીઓને સન્માન મળશે. ફરજ દરમિયાન શ્રેષ્ઠ ઈન્વેસ્ટીગેશન કરવા બદલ આ અધિકારીઓને એવોર્ડ આપશે.

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે માહિતી આપી હતી કે વિવિધ રાજ્યો,કેન્દ્રશાસિત પ્રદેશો,કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો,કેન્દ્રીય પોલીસ સંગઠનો ના ૪૬૩ કર્મચારીઓને વર્ષ ૨૦૨૪ માટે પકેન્દ્રીય ગૃહ પ્રધાન કાર્યક્ષમતા ચંદ્રકથ એનાયત કરવામાં આવ્યા છે. આ મેડલ ઉત્કૃષ્ટ કાર્યને ઓળખવા માટે આપવામાં આવે છે. કેન્દ્રીય ગૃહ પ્રધાન કાર્યક્ષમતા મેડલ નો મુખ્ય ઉદ્દેશ્ય અધિકારીઓમાં શ્રેષ્ઠતા અને સેવા ભાવનાને પ્રોત્સાહિત કરવાનો છે. આ એવોર્ડ માટે પસંદ કરાયેલા અધિકારીઓ સઘન મૂલ્યાંકન પ્રક્રિયામાંથી પસાર થાય છે જેમાં તેમની કામગીરી, હિંમત અને સુરક્ષામાં યોગદાન અને ફરજ દરમિયાન કેસની શ્રેષ્ઠ તપાસ કરનારને પ્રાથમિકતા આપવામાં આવે છે. આ પ્રક્રિયા બાદ જ ગૃહ મંત્રાલય પસંદગીની યાદી બહાર પાડે છે. આ વખતે આ એવોર્ડ માટે વિવિધ રાજ્યોમાંથી ઘણા અધિકારીઓની પસંદગી કરવામાં આવી છે. જેમાં સ્ટેટ મોનીટરીંગ સેલના ડીઆઈજી નીર્લિપ્ત રાય, સાથે એસપી લવીના સિન્હા, અટીએસના ડીવાયએસપી વીરજીતસિંહ પરમાર ઉપરાંત પી.આઈ હરપાલસિંહ રાઠોડ,પી.આઈ મયુર પટેલ,પી.આઈ અમરસિંહ ચૌહાણનો સમાવેશ થાય છે. ગૃહ મંત્રાલયની સત્તાવાર કરેલી જાહેરાતમાં આ અધિકારીઓએ માત્ર તેમની ફરજો શાનદાર રીતે નિભાવી નથી પરંતુ મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ અસાધારણ રીતે સારી કામગીરી બજાવીને એક દાખલો બેસાડ્યો છે.

# લોન અપાવી દેવાના બહાને યુવાન સાથે રૂ. ૨ લાખની ઠગાઈ

## જામનગર રોડ પર રહેતા યુવાન સાથે મહાપૂજાધામ ચોકના શખ્શે કરી છેતરપીંડી

રાજકોટ મિરર, તા.૩૧

જામનગર રોડ પર રહેતા અને ભંગારનો ધંધો કરતા યુવાન સાથે લોન અપાવી દેવાના બહાને રૂ. ૨ લાખની ઠગાઈ થઇ હોવાની ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ભેજાબાજ ચીટર સામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જામનગર રોડ પર રહેતા અને સ્ક્રેપનો ધંધો કરતા બળદેવભાઈ લાલજીભાઈ સોંદરવાએ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં મૂળ ભીચરીના અને હાલ રાજકોટ મહાપૂજાધામ ચોક પાસે રહેતા મહાવીરસિંહ જીતેન્દ્રસિંહ સોલકીનું નામ આપી ફરીયાદ નોંધાવી છે. જેમાં ગત તા. ૨૩-૭ના રોજ એક અજાણ્યા ઈસમ આવેલ અને પોતાની ઓળખ હોમક્રેડીટમાં નોકરી કરેલ છે તમારી લોન કે ક્રેડીટ કાર્ડ લેવુ હોય તો કરી આપીશ તેમ વાત કરેલ અને બાદમાં અજાણ્યા નંબરમાંથી ફોન આવેલ અને પોતાની ઓળખ મહાવીરસિંહ હોમ ક્રેડીટ વાળા હોવાની આપેલ હતી અને તેઓને પણ બેનના લગ્ન કરવાના હોય જેથી લોનની જરૂરીયાત હતી.

મહાવીરસિંહ સોલંકી તેઓના ધંધે આવેલ હતો અને તેઓનું આધાર કાર્ડ, પાનકાર્ડ અને ચેક મેળવી લીધા બાદ કહયું કે તમારે બે લાખ રૂપીયાની લોન મંજુર થાય તેમ છે.પરંતુ તેઓને માત્ર એક લાખ રૂપીયાની લોનની જરૂર હોવાનું કયુ હતુ.




બાદમાં શખસે તેઓનું ગુગલ પે ડીલીટ કરી પાછુ ફોનમાં ડાઉનલોડ કરી પાસવર્ડ બદલીને નવો સેટ કરેલ હતો.

આ લોન પ્રોસેસ હોવાનું શખ્સે કહયુ હતુ.બાદમાં ૧.૯૬ લાખની લોન મંજુર કરાવી શખસે બાકીના ૯૬ હજાર જમા કરાવવાના બહાને તેઓના ગુગલ પેમાંથી પોતાના ખાતામાં ટ્રાન્સફર કરી લીધા હતા આમ આ શખસે લોન પ્રોસેસ ફી અને લોનની રકમ મળી ૨.૦૭ લાખ પોતાના ખાતામાં મેળવી લઈ રકમ જમા ન કરાવી વેપારી સાથે છેતરપીંડી આચરી હોવાની ફરિયાદ નોંધાવતા ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી શખ્સની ધરપકડ કરવા પીએસઆઇ એ.એસ.મકરાણી અને સ્ટાફે તપાસ હાથ ધરી છે.આ મામલે પોલીસ સુત્રોમાંથી જાણવા મળ્યુ હતુ કે, મહાવીરસિંહ સોલંકીએ અગાઉ ડઝનેક સાથે છેતરપિંડી કરી હતી. અને પોલીસે ત્યારે ધરપકડ પણ કરી હતી છતા આરોપી સુધરતો જ નથી.

# ગોંડલ ST ડેપોમાં કર્મચારીને અપાયું વિદાયમાન


નિવૃત્તિ બાદનું જીવન સુખમય પસાર થાય તેવી અપાઈ શુભેચ્છા

રાજકોટ મિરર, ગોંડલ તા.૩૧

ગોંડલ એસટી ડેપો ખાતે કર્મચારીનો વિદાય સમારંભ યોજાયો હતો. ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા રાજેન્દ્રસિંહ જેઠવા વય મર્યાદા પૂર્ણ થતાં વિદાય સમારંભનુ આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે ડેપો મેનેજર કુલદીપસિંહ જાડેજા દ્વારા યાદગીરી રૂપે સ્મૃતિ ચિહ્ન આપી નિવૃત્તિ બાદનુ જીવન સુખ શાંતી ભર્યું રહે તેવી શુભેચ્છાઓ આપી હતી. આ તકે યુવા ભાજપ ઉપપ્રમુખ કુલદીપસિંહ જાડેજા, મજૂર મહાજન યુનિયનના હિતેન્દ્રસિંહ જાડેજા,સનતભાઈ વામજા, રવુભા જાડેજા સહિત યુનિયનના આગેવાનો કમેચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. **(ફોટો : કુલદીપસિંહ જાડેજા)**

# દારૂ પીવાની અગાઉની બબાલ બાદ યુવાન પર મિત્રોનો હુમલો

રાજકોટ મિરર, તા.૩૧

શહેરની ભાગોળ આવેલા લોધિકાના પારડી ગામે રહેતા યુવાન સાથે દારૂ પીવા મુદ્દે અગાઉ થયેલી બોલાચાલીનો ખાર રાખી મિત્રોએ છરી વડે હુમલો કર્યો હતો. હુમલામાં ઘવાયેલા યુવકને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ લોધીકાના પારડી ગામે રહેતા સમીર શંકરભાઈ ગોસ્વામી નામનો ૩૬ વર્ષનો યુવાન રાત્રીના નવેક વાગ્યાના અરસામાં પોતાના ગામમાં હતો ત્યારે કૈલાસ, ભુદીયો અને દર્શન સહિત શખ્સોએ ઝઘડો કરી છરી વડે હુમલો કર્યો હતો. હુમલામાં ઘવાયેલા યુવકને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં ઇજાગ્રસ્ત અને હુમલાખોરો મિત્ર થાય છે અને


ઈજાગ્રસ્ત યુવાન હોસ્પીટલમાં સારવાર હેઠળ

અગાઉ બધા દારૂ પીવા માટે બેઠા હતા ત્યારે ભૂદીયા સાથે બોલાચાલી થઈ હતી જેનો ખાર રાખી હુમલો કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત અન્ય બનાવમાં ગંજીવાડામાં રહેતા જગદીશ નારાયણભાઈ પરમાર નામના ૨૩ વર્ષના યુવકે કોઈ અગમ્ય કારણસર ફીનાઇલ પી લીધું હતું. જ્યારે હુડકો ચોકડી નજીક રહેતી ભૂમિબેન રોહિતભાઈ ચુડાસમા નામની ૧૯ વર્ષની પરિણીતાએ અકળ કારણસર જ્વલનશીલ પ્રવાહી પી લીધું હતું. જ્વલનશીલ પ્રવાહી પી લેનાર યુવાન અને પરિણીતાને સારવાર માટે ખસેડાયા હતા. ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ગણેશનગરમાં ઈભલાની પત્ની અને બહેન વચ્ચે જામી પડી

## સામસામી મારામારીનો મામલો પહોચ્યો બી ડીવીઝન પોલીસે સ્ટેશને



રાજકોટ મિરર, તા.૩૧

ઈભલા સામે અગાઉ થયેલી એટ્રોસીટીના કેસમાં સમાધાનની વાત દરમિયાન ઇભલાની પત્ની અને બહેન વચ્ચે હાથોપાઈની જામી પડતા મામલો બી ડીવીઝન પોલીસે પહોચ્યો છે. પોલીસે બંને પક્ષની ફરિયાદો નોંધીને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ જૂના મોરબી રોડ પર લાતી પ્લોટ પાસે ગણેશનગર શેરી નં. ૧૦માં રહેતા નુરીબેન ઈબ્રાહીમભાઈ કાથરોટિયા (ઉ.વ.૩૬)એ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે મોરબી રોડ પર રહેતા તેના સગા મોટાભાઈ યુસુબ ગફારભાઈ કટારિયા, યાસ્મિન યુસુબભાઈ કટારિયા, સલીમ ઉર્ફે દોલિયો અને સગીર વયના પુત્રનું નામ આપ્યું છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ તેના પતિ ઈબ્રાહીમ ઉર્ફે ઈભલા સામે પાડોશમાં રહેતા યોગેશ મકવાણાએ એટ્રોસીટી ફરિયાદ કરી હોય જે ગુનામાં પતિ જેલમાંથી પેરોલ મેળવી ઘરે આવ્યો હતો. દરમિયાન ગઈ કાલે એટ્રોસીટીની ફરિયાદ કરનાર યોગેશના માતા લીલાબેન ફરિયાદમાં સમાધાન કરવા ઘરે બોલાવતા તેઓ તેના ઘરેથી પરત આવતા હતા ત્યારે આરોપીઓએ શેરીમાં રોકી તુ કેમ આ લોકો સાથે સમાધાન કરવા આવી છો, તમારે સમાધાન કરવાનું થતુ નથી તેમ કહી ઢીકાપાટુનો માર મારી છૂટા પથ્થરના ઘા કરી માર માર્યો હોવાનું જણાવ્યું હતું. જ્યારે સામાપક્ષે યાસ્મીનબેન યુસુફભાઈ કટારિયા (ઉ.વ.૩૪) એ નોંધાવેલી વળતી ફરિયાદમાં આરોપી તરીકે તેની સગી નણંદ અને ભાભી થતી નુરી ઈબ્રાહીમ ભાઈ કાથરોટિયાનું નામ આપ્યું છે. જેમાં જણાવ્યા મુજબ ફરિયાદીને આરોપી નુરીબેન તુ કેમ આ લોકો સાથે મારા પતિનું સમાધાન થવા દેતી નથી તેમ કહી માર માર્યો હતોઆ અંગે બીડીવીઝન પોલીસે બંને પક્ષોની સામસામી ફરિયાદ નોંધી પીએસઆઈ ચૌધરીએ વધુ તપાસ હાથ ધરી છે.

# પૈસાની ઉઘરાણી મુદ્દે ઈશાન ચેખલીયા ઉપર ઈમરાન સહિતના ૨ શખ્શોનો કાચની બોટલથી હુમલો

રાજકોટ મિરર, તા.૩૧

હોર્નના પૈસાની ઉઘરાણી પ્રશ્ને બે શખ્શોએ યુવાન પર કાચની બોટલ વડે હુમલો કરી લોહીલુહાણ કરી દેતા ઈજાગ્રસ્ત યુવાનને સારવાર માટે સિવિલ હોસ્પીટલમાં દાખલ કરાયો હતો. ભક્તિનગર પોલીસે ઈજાગ્રસ્ત યુવાનના નિવેદન પરથી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

શહેરમાં વાણીયાવાડી વિસ્તારમાં રહેતો યુવક શ્યામ હોલ પાસે હતો ત્યારે હોર્ન રીપેરીંગના રૂપિયા ૧૭૦૦ ની ઉઘરાણી મુદ્દે ઉપરાણું લઈ બે શખ્સોએ ઝઘડો કરી કાચની બોટલ વડે માર માર્યો હતો યુવકને ઈજા પહોંચતા સારવાર માટે ખસેડવામાં



આવ્યો હતો.આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ વાણીયાવાડીમાં રહેતો ઈશાન સવજીભાઈ ચેખલીયા નામનો ૩૦ વર્ષનો યુવાન રાત્રીના અગિયારેક

**હોર્ન રીપેરીંગના પૈસા માંગ્યા તો લાજવાને બદલે ગાજી કરાયો હુમલો**

વાગ્યાના અરસામાં શ્યામ હોલ પાસે હતો ત્યારે ઈમરાન સહિતના શખ્સોએ ઝઘડો કરી કાચની બોટલ વડે માર માર્યો હતો. યુવકને ઈજા પહોંચતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

આ ઘટના અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે ભક્તિનગર પોલીસને જાણ કરતા ભક્તિનગર પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો. પ્રાથમિક પૂછપરછમાં ભક્તિનગર સર્કલ પાસે રહેતા દીપ પટેલ પાસે ઈશાન ચેખલીયા હોર્ન રીપેરીંગ ના રૂ.૧૭૦૦ માંગતો હતો. તેનું ઉપરાણું લઈ ઈમરાન સહિતના શખ્સોએ કાચની બોટલ વડે હુમલો કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આક્ષેપના પગલે ભક્તિનગર પોલીસે ઈજાગ્રસ્ત યુવાનના નિવેદન પરથી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજ્યના ૭૪ લાખ રેશનકાર્ડ ધારકોને ખાદ્ય તેલ-ખાંડનું વિતરણ

## રાજ્ય સરકારની યોજના હેઠળ, N.F.S.A. હેઠળના તમામ ૭૪ લાખ કુટુંબોને ''અન્ન સુરક્ષા''ની આપી



રાજકોટ, તા. ૩૧

રેશનકાર્ડ ધારકોને દિવાળીના તહેવાર દરમ્યાન રાજ્યના ૭૪ લાખથી વધુ રેશનકાર્ડધારક કુટુંબોને ખાદ્યતેલ (સીંગતેલ) તથા ૩૨ લાખ રેશન કાર્ડધારક કુટુંબોને વધારાની ખાંડનું વિતરણ કરવામાં આવી રહ્યુ છે એમ અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગની યાદીમાં જણાવાયું છે.

યાદીમાં વધુમાં જણાવાયાનુસાર રાજ્ય સરકાર દ્વારા ''રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા'' (N.F.S.A.) હેઠળ સમાવિષ્ટ ૭૪ લાખથી વધુ રેશનકાર્ડધારક કુટુંબોની ૩.૬૮ કરોડ જનસંખ્યાને ''પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના'' અંતર્ગત ચાલુ માસ ઓક્ટોબરમાં દિવાળીના તહેવારો દરમ્યાન ઘઉં અને ચોખાનું વિનામૂલ્યે વિતરણ રાજ્યની ૧૭૦૦૦ થી વધુ વાજબી ભાવની દુકાનો ખાતે થઇ રહ્યું છે.તેમજ રાજ્યના ૮ લાખ જેટલા અંત્યોદય અન્ન યોજનાના (N.F.S.A.) કુટુંબોને પ્રતિ કાર્ડ ૧૫ કિલો ઘઉં અને ૨૦ કિલો ચોખા મળી કુલ ૩૫ કિલો અનાજનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે.

રાજ્યના ૬૬ લાખ જેટલા ''અગ્રતા ધરાવતા કુટુંબો'' ની (N.F.S.A.) ૩.૩૨ કરોડ જનસંખ્યાને પ્રતિ વ્યક્તિ ૨ કિલો ઘઉં અને ૩ કિલો ચોખા મળી પ્રતિ વ્યક્તિ કુલ ૫ કિલો અનાજનું વિતરણ કરવામાં આવે છે. આમ, ... કુટુંબમાં પાંચ વ્યક્તિઓ હોય તો ૧૦ કિલો ઘઉં અને ૧૫ કિલો ચોખા મળી કુલ ૨૫ કિલો અનાજનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે.

રાજ્ય સરકાર દ્વારા ખાસ કરીને દિવાળીના તહેવાર નિમિત્તે .... હેઠળ સમાવિષ્ટ તમામ ૭૪ લાખ કુટુંબોને ગુણવત્તાયુક્ત ખાદ્યતેલ (સીંગતેલ) બજાર ભાવથી ઘણી ઓછી કિંમતે કાર્ડદીઠ ૧ લિટર પાઉચ રૂ.૧૦૦ પ્રતિ લિટરના રાહત દરે વિતરણ કરવામાં આવે છે. રાજ્યના બીપીએલ અને અંત્યોદય કુટુંબો મળી કુલ ૩૨ લાખ જેટલા કુટુંબો મળવાપાત્ર ખાંડના જથ્થા ઉપરાંત વધારાની ૧ કિ.ગ્રા. ખાંડનું અંત્યોદય કુટુંબોને કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. રૂ.૧૫ ના રાહતદરે તથા બી.પી.એલ કુટુંબોને કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. રૂ. ૨૨ પ્રતિ કિ.ગ્રા.ના રાહત દરે વિતરણ કરવામાં આવી રહેલ છે. રાજ્ય સરકારની યોજના હેઠળ, N.F.S.A. હેઠળના તમામ ૭૪ લાખ કુટુંબોને ''અન્ન સુરક્ષા''ની સાથેસાથે પોષણયુક્ત પુરી પાડવા માટે પ્રોટીન સભર આહાર મળી રહે તે માટે ચણા કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. રૂ. ૩૦ પ્રતિ કિ.ગ્રા.ના રાહત દરે તથા તુવેરદાળ કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. રૂ. ૫૦ પ્રતિ કિ.ગ્રા.ના રાહત દરે વિતરણ કરવામાં આવી રહેલ છે. વધુમાં, રાજ્યમાં લોકલાગણીને ધ્યાને લઇને પ્રથમવાર તેલવાળી તુવેરદાળનું વિતરણ કરવામાં આવી રહ્યું છે, જેનો લાભાર્થીઓ તરફથી ખૂબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. રાજ્ય સરકારની યોજના હેઠળ, .... હેઠળના અંત્યોદય તથા અગ્રતા ધરાવતા દરેક કુટુંબોને ડબલ ફોર્ટીફાઇડ મીઠું કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. રૂ. ૧ પ્રતિ કિ.ગ્રા.ના રાહત દરે વિતરણ કરવામાં આવી રહેલ છે.આમ, રાજ્ય સરકાર N.F.S.A. હેઠળ સમાવિષ્ટ અંત્યોદય તથા અગ્રતા ધરાવતા કુટુંબો મળી તમામ કુટુંબોને અન્ન સલામતી પૂરી પાડવા સાથે પોષણ સલામતી પણ મળી રહે તે માટે ભારત સરકાર તથા રાજ્ય સરકારની યોજનાઓનું સુચારૂ અમલીકરણ કરીને લોકો તહેવારો સારી રીતે રીતે ઉજવી શકે તે માટે સતત કાર્યરત છે.

# PM ના કાર્યક્રમ દરમિયાન હાર્ટ એટેકથી PSIનું મોત



રાજકોટ મિરર, તા.૩૧

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આજે સવારે વડાપ્રધાન મોદીની હાજરીમાં યોજાયેલ એકતા પરેડના કાર્યક્રમ દરમિયાન બંદોબસ્તમાં રહેલા એક પીએસઆઈનું હાર્ટ એટેકથી અવસાન થતાં પોલીસબેડામાં શોકની લાગણી ફેલાઈ છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે એક્તા પરેડની ઉજવણીના કાર્યક્રમ દરમિયાન મૂળ નર્મદાનાં દેડીયાપાડાનાં વતની અને સુરત ગ્રામ્યમાં ફરજ બજાવતા પીએસઆઇ સનભાઇ વસાવા છેલ્લા બે દિવસ થી સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે એક્તા પરેડમાં ફરજ બજાવી રહ્યા હતા. તેઓ સ્ટેચ્યુ ઓફ યુનિટી સરદાર પટેલની મૂર્તિ પાસે ફરજ પર હતા. તે દરમિયાન રાષ્ટ્રીય એક્તા દિવસની ઉજવણી પૂર્ણ થયા બાદ હાર્ટએટેક આવ્યો હતો. જેઓને તાત્કાલિક નવનિર્મિત ટ્રોમાં હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેઓને મૃત જાહેર કર્યા હતા.

# આણંદપરની મહિલાનો ઝેરી ટીકડા ખાઈ આપઘાત

## પગલાનું કારણ શોધવા પોલીસ તપાસ શરુ

રાજકોટ મિરર, તા.૩૧

રાજકોટ તાલુકાના આણંદપર ગામે રહેતી મહિલાએ કોઈ અગમ્ય કારણોસર ઘઉંમાં નાખવાની ત્રણ ઝેરી ટીકડી ખાઈ લેતા પ્રથમ ખાનગી હોસ્પિટલમાં સારવાર અપાવ્યા બાદ વધુ સારવાર માટે ગોકુલ હોસ્પિટલમાં ખસેડાતા ત્યાં તેણીનું સારવાર દરમિયાન મોત થયું હતું. આ અંગે હોસ્પિટલ ચોકી પોલીસ સ્ટાફની જાણ પરથી કુવાડવા રોડ પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો મુજબ રાજકોટ તાલુકાના આણંદપર ગામે રહેતા વિજયાબેન ચંદુભાઈ ડોડીયા નામના ૪૭ વર્ષના આધેડ મહિલાએ કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરે ઘઉંમાં નાખવાની ત્રણ ઝેરી ટીકડી ખાઈ લેતા તેમને પ્રથમ સારવાર માટે સ્ટર્લીંગ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અહીંથી વધુ સારવાર માટે વિદ્યાનગર મેઇન રોડ ઉપર આવેલ ગોકુલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. અહીં સારવાર દરમિયાન વિજયાબેનનું મોત થયાનું ડોક્ટર પ્રિયંકા ચૌહાણએ કુવાડવા રોડ પોલીસને જણાવતા પોલીસે મૃતકની લાશને પીએમ માટે સિવિલ હોસ્પિટલે ખસેડીને બનાવના પગલાનું કારણ જાણવા કવાયત આદરી છે.

# માર્ગ અને મકાન વિભાગના ૪૦૭ ઈજનેરોની સામુહિક બદલી

## રાજકોટમાં વી.એસ. કાલરીયા અને મલ્હાર ડાભી મૂકાયાઃ રાજકોટ શહેરમાંથી હેમેન્દ્ર જોશીની જિલ્લા પંચાયત, ધોરાજી પંચાયતમાંથી વિપુલ લહેરૂની રાજકોટ શહેર સહીત સૌરાષ્ટ્ર-કચ્છના ૫૭ જેટલા ઇજનેરોની બદલી કરાઇ

રાજકોટ મિરર, ગાંધીનગર તા.૩૧

સ્થાનિક સ્વરાજયની ચુંટણીના ઢોલ ઢબુકી રહ્યા છે ગમે ત્યારે જાહેરાત થવાની શકયતા છે. તેની વચ્ચે ગુજરાત સરકાર દ્વારા વિવિધ વિભાગોમાં બદલી અને બઢતીના ઓર્ડર આપવામાં આવી રહ્યા છે ત્યારે આજે વધુ એક વિભાગમાંથી મોટો ઘાણવો કાઢવામાં આવ્યો છે જેમાં માર્ગ અન મકાન વિભાગના ૪૦૭ ઇજનેરોની બઢતી અને બદલીના ઓર્ડર કરવામાં આવ્યા છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા જાહેર કરાયેલા ઓર્ડરમાં વર્ગ-૨ના ૧૦૫ ઇજનેરોની બદલી કરવામાં આવી છે તેમાં સૌરાષ્ટ્ર-કચ્છના ૨૭ ઇજનેરોનો સમાવેશ થાય છે. રાજકોટમાં વી.એસ. કાલરીયા અને મલ્હાર ડાભી, કાલાવડ- રાજકોટમાં હરકિશન પરમાર અને નિખીલકુમાર ખાંટની અસરપરસ તેમજ રાજકોટ-જુનાગઢ પોલીસ કેમ્પસના આર.સી. કનેરીયાની અને ડી.એમ. ચોવટીયાની સામસામી, રાજકોટના રવિકુમાર જાવીયાની ધ્રોલ અને ઉપલેટા પંચાયતના ઇજનેર નિરવ પટેલની ગાંધીનગર ખાતેની આલેખનની વર્તુળ કચેરી ખાતે બદલી કરવામાં આવી છે. ઉપરાંત વર્ગ-૨ અને વર્ગ-૩ના મદદનીશ અને અધિક મદદનીશ ૨૩૦ ઇજનેરની પણ ટ્રાન્સફર કરવામાં આવી છે. જેમાં રાજકોટના વિપુલ કટારીયાને શહેરમાંથી રાષ્ટ્રીય ધોરી માર્ગ વિભાગમાં, ગોંડલના દેવદૂત ભરાઇને રાજકોટ ગુણવતા નિયમમાં, રા.ધો.માંથી પરમેશ્વર પ્રસસાદની મુખ્ય વિભાગમાં, જેતપુર પંચાયતાંથી નીરવ ચિત્રોડાની સુરત જિલ્લા પંચાયત, રાજકોટ બાંધકામ પેટા વિભાગના મિરાજકુમાર સરધારાની ગોંડલ, રાજકોટ શહેરમાંથી હેમેન્દ્ર જોશીની જિલ્લા પંચાયત, ધોરાજી પંચાયતમાંથી વિપુલ લહેરૂની રાજકોટ શહેર સહીત સૌરાષ્ટ્ર-કચ્છના ૫૭ જેટલા ઇજનેરોની બદલી કરવામાં આવી છે.

માર્ગ અને મકાન વિભાગ દ્વારા વર્ગ-૧ના કાર્યપાલક ૩૦ ઇજનેરોની બદલી કરાઇ છે. તેમાં સૌરાષ્ટ્ર-કચ્છના ૧૩ ઇજનેરોનો સમાવેશ થાય છે.

રાજકોટ શહેરી વિકાસ સતા મંડળમાં ફરજ બજાવતા એસ. આર. પટેલની જિલ્લા માર્ગ મકાન વિભાગમાં બદલી કરવામાં આવી છે. તેમજ ૧૨ જેટલી વર્ગ-૨ના નાયબ કાર્યપાલક ઇજનેરને પણ ટ્રાન્સફરના ઓર્ડર કરાયા છે. ઉપરાંત વિદ્યુત વર્તુળમાં વર્ગ-૨ના ૧૨ મદદનીશ અને વર્ગ-૩ના ૧૮ અધિક મદદનીશ ઇજનેરોને પ્રમોશાન આપવામાં આવ્યો છે. તેમાં રાજકોટના જી.પી. નાંઢાની ગાંધીધામ અને એમ.કે. ચાવડાની વર્ગ-૩ માંથી વર્ગ-૨માં જી.પી. નાંઢાની ખાલી જગ્યા પર બઢતી આપી બદલી કરવામાં આવી છે.

**મૃતક ઇજનેર વી.એચ. ડામોરની બદલીનો પણ ઓર્ડર કરાયો**

રાજય સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા ઇજનેરોની બઢતી અને બદલીના ઓર્ડર કરવામાં આવ્યા છે. જેમાં એક બેદરકારી સામે આવી છે. ગત તા.૨ ઓકટોબરના રોજ નિર્માણ પામેલ દિવંગત વી.એચ. ડામોરની ગોધરા બદલી કરતો ઓર્ડર પણ કરવામાં આવતા સમગ્ર રાજયમાં ચર્ચાનો વિષય બન્યો છે.

# ઝનાના હોસ્પિટલમાં પ્રતિ મહીને ૧ હજારથી વધુ થતી સગર્ભાઓની પ્રસુતિ

## એઈમ્સ હોસ્પિટલ હોવા છતાં ગરીબોને સિવિલ અને ઝનાના હોસ્પિટલ પરત્વે અનન્ય વિશ્વાસ

રાજકોટ મિરર, તા.૩૧

સિવિલની ઝનાના હોસ્પીટલમાં દર મહીને એક હજારથી પણ વધુ સગર્ભાઓની સફળ પ્રસુતિ થતી હોવાનો તંત્રે દાવો કર્યો છે. તંત્રનું કહેવું છે કે લાખો-કરોડો રૂપિયાના ખર્ચે એઈમ્સ હોસ્પિટલ નિર્માણ પામી હોવા છતાં ગરીબ તેમજ મધ્યમ વર્ગના દર્દીઓને આજે પણ સિવિલ-ઝનાના હોસ્પીટલની સારવાર -સેવાથી સંતોષ છે.

શહેરની સિવિલ અને ઝનાના હોસ્પિટલ પરત્વે આજેય ગરીબ તેમજ મધ્યમ વર્ગના લોકોને સંતોષકારક સારવાર મળતી હોવાનો દર્દીઓમાં રાજીપો છે. ખાસ કરીને પ્રસુતિની વાતમાં ઝનાના હોસ્પિટલમાં સરાહનિય ફરજ વચ્ચે હવે એક હજારથી પણ વધુ પ્રસુતિ કરાવાતી હોવાનું તંત્રએ જાહેર કર્યુ છે.

એમ.સી.એચ.હોસ્પિટલમાં ગઇકાલે ૧૦૦૦મી સફળ પ્રસુતિનો તબીબી સ્ટાફે રાજીપો વ્યક્ત કર્યો હતો. આ બાબતે ડો.કમલ ગોસ્વામી, ડો.ટીન્ટલ, ડો.જહાન્વી, ડો.અદિતીએ જણાવ્યું હતુ કે, ગત ઓગષ્ટ મહિનામાં ૧૦૦૦ સપ્ટમ્બરમાં ૧૦૧૯ અને ઓક્ટોબરમાં ૧૦૧૯ અને ઓક્ટોબરમાં ૧૦૦૦થી વધુ પ્રસુતિ કરાવવામાં તમામ સ્ટાફની જ સંગીન ફરજ કારણભૂત છે.

અત્રેએ નોંધનિય છે કે, શહેરમાં કરોડો રૂપિયાના ખર્ચે એઈમ્સ હોસ્પિલ ધમધમવા લાગી છે. છતા સિવિલ ઝોનના મેટરનીટી સેવામાં અગ્રેસર રહી છે. તબીબોએ એવું પણ જણાવ્યું હતુ કે, અહીં થતી પ્રસુતિમાં ૮૦-૯૦ ટકા પ્રસુતિ નોર્મલ થતી હોવાથી મધ્યમ વર્ગીય દર્દીઓ ખુશ છે. રોજના ૮થી ૧૦ ઓપરેશન ડિલીવરી ઉપરાંતના થાય છે.

# ગોંડલમાં સરદાર વલ્લભભાઈ પટેલની જયંતિની ઉજવણી

## શહેર-તાલુકા ભાજપ દ્વારા કરાઈ ઉજવણી





રાજકોટ મિરર, ગોંડલ તા.૩૧

ગોંડલમાં શહેર અને તાલુકા ભાજપના આગેવાનો દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતીની ભાવભેર ઉજવણી કરવામાં આવી હતી. ગોંડલ શહેર તાલુકા ભાજપ દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિ નિમિત્તે શહેરના ત્રણ ખુણીયા પાસે આવેલ સરદાર સાહેબના સ્ટેચ્યુ ખાતે ફૂલહાર કરવામાં આવ્યાં હતાં. ધારાસભ્યના પ્રતિનિધિ અને નાગરીક સહકારી બેંકના વાઇસ ચેરમેન જ્યોતિરાદિત્યસિંહ જયરાજસિંહ જાડેજા (ગણેશભાઇ) દ્વારા ફૂલહાર કરવામાં આવ્યાં હતા. આ તકે નાગરીક બેંકના ચેરમેન અશોકભાઈ પીપળીયા, શહેર ભાજપ પ્રમુખ ઉપેન્દ્રસિંહ ચુડાસમા, તાલુકા ભાજપ પ્રમુખ અશ્વિનભાઈ ઠુંમર, નગરપાલીકા પ્રમુખ અશ્વિનભાઈ રૈયાણી, ઉપપ્રમુખ પ્રતિનિધિ વૈભવ ગણાત્રા, કારોબારી ચેરમેન ક્રિપાલસિંહ જાડેજા સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## બજારોમાં ભરપુર ભીડમાં પોલીસનો ચાંપતો બંદોબસ્તઃ આમ છતાં થઇ ગઇ કારીગીરી

# સોની બજારમાં ચોરની કળાઃ મહિલાની થેલી કાપી દાગીનાની ચોરી

## ભગવતીપરાના મહિલા નણંદ, તેની દિકરી સાથે સોનાની સર ખરીદી ઘરે જવા રવાના થયા ત્યારે બનાવઃ બે દિવસ પહેલા એક મહિલાને બે ગઠીયા છેતરીને રોકડ-દાગીના ઉતારી ગયા હતાં

**(દર્શનસિંહ જાડેજા દ્વારા)**
**રાજકોટ મિરર તા. ૩૧**

શહેરની મુખ્ય બજારોમાં દિવાળી, નવા વર્ષની ખરીદી માટે ભરપુર ભીડ ઉમટી પડી હોઇ પોલીસે ઠેકઠેકાણે બંદોબસ્ત ગોઠવ્યો હતો. જો કે પોલીસના બંદોબસ્તને પણ ભૂ પાઇને અમુક ચોર ગઠીયા પોતાની કારીગીરી બતાવી ગયા હતાં. ત્રણ દિવસ પહેલા સોની બજાર નજીક તહેવારના દિવસોમાં બજારોમાં લોકોની ભીડ ઉમટી પડે છે અને સાથે ચોર ગઠીયા પણ કસબ અજમાવવા આવી જાય છે. બે દિવસ પહેલા જ ભીચરીનાકા ખત્રીવાડ ચોકમાં એક મહિલાને ગઠીયા છેતરીને રોકડ, ચેઇન ઉતરાવી ગયા હતાં. ત્યાં હવે સોની બજારમાં દાગીના ખરીદી ઘરે જઇ રહેલા મહિલાની થેલીમાં કાપો મુકી અંદરથી ઉઠાવગીર સોનાના દાગીનાનું બોક્સ ચોરી ગયા છે. બનાવને પગલે પોલીસ દોડતી થઇ ગઇ હતી. દાગીનાની કિમત જો કે અડધા લાખ આસપાસ હતી. પણ પોલીસ માટે પડકાર મોટો થઇ ગયો હતો.

ઘટનાની વિગતો પર નજર કરીએ તો બે દિવસ પહેલા ખરીદી કરવા આવેલા ભગવતીપરાના એક મહિલાને બે ગઠીયા છેતરીને તેની પાસેથી રોકડ અને સોનાનો ચેઇન લઇ ગયા હતાં. તે અંગે અરજી લઇ પોલીસ તપાસ કરી રહી હતી ત્યાં વધુ એક બનાવમા સોની બજારમાં ખરીદી કરી ઘરે જઇ રહેલા ભગવતીપરાના મહિલાના હાથમાં રહેલી થેલીમાં કાપો મુકી કોઇ અંદરથી તેતાલીસ હજારની કિંમતની સોનાની લટ-સરનું બોક્સ ચોરી જતાં પોલીસ દોડતી થઇ ગઇ હતી. બજારોમાં પોલીસ સતત એલર્ટ રહેશે, બંદોબસ્ત રાખશે અને લોકોના જાનમાલનું રક્ષણ કરશે તેવી વાતો થઇ હતી. આ વચ્ચે ગિરદીમાં ચોર ગઠીયા લાભ ઉઠાવી પોલીસને પરચો આપી ગયા હતાં.



વિગતો પર નજર કરીએ તો એ-ડિવીઝન પોલીસે ભગવતીપરા ઓમ શાંતિ સ્કૂલ પાછળ નંદનવન સોસાયટી-૩માં રહેતાં મુળ આદીપુર કચ્છ તાબેના માથક ગામના વતની બાવન વર્ષના કસ્તુરબેન ગોપાલભાઇ સિંધવની ફરિયાદ પરથી અજાણ્યા શખ્સ વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. કસ્તુરબેને જણાવ્યું હતું કે બુધવારે હું દિવાળીના તહોવર નિમીતે મારા નણંદની દિકરી મીનાબેન તથા તેની દિકરી દિવ્યાબેન એમ ત્રણેય જણા સાંજે છએક વાગ્યે સોની બજારમાં ખરીદી કરવા ગયા હતાં. ત્યારે મારી પાસે એક થેલી હતી.

ધનતેરસ હોવાથી હું અને મીનાબેન તથા તેની દિકરી દિવ્યા ત્રણેય સોની બજાર નવા નાકા ચોક પાસે રોનક જ્વેલર્સમાં કાનમાં પહેરવાની સર -લટ ખરીદ કરવા ગયા હતાં. આ દૂકાનમાંથી સોનાની સેરની જોડી ખરીદી બોક્સમાં પેક કરી મેં મારી થેલીમાં મુકી હતી. તેમણે આગળ કહ્યું કે ત્યારબાદ હું, મારા નણંદ અને તેની દિકરી દૂકાનેથી નીકળી ઘર તરફ જતાં હતાં ત્યારે ખુબ ટ્રાફિક અને ગિરદી હતી. દૂકાનથી સોથી બસ્સો મિટર ચાલીને જતાં પ્રહલાદ ટોકી ઝ પાસે પહોંચતા મેં મારી થેલી ચેક કરતાં તેમાં ચીરો પડેલો જોવા મળ્યો હતો. તેમજ તેમાં રાખેલી સોનાની લટની જોડીનું બોક્સ પણ જોવા મળ્યું નહોતું. ત્યારપછી અમે ત્રણેયએ આજુબાજુમાં તપાસક રી હતી. પણ લટ મળી નહોતી. રૂા. ૪૩ હજારના આ દાગીના ચોરાઇ ગયા હોઇ પોલીસને જાણ કરી હતી.

ચોરીના આ બનાવ સંદર્ભે એ-ડિવીઝનના પોલીસ ઇન્સ્પેક્ટર આર. જી. બારોટની રાહબરીમાં હેડકોન્સ. એલ. એ. જતાપરાએ ગુનો નોંધ્યો હતો. ડી. સ્ટાફની ટીમે ઘટના સ્થળ તથા બજારના અન્ય સીસીટીવી કેમેરા ચેક કરવા અને ચોરટા કે ચોરટીને દબોચી લેવા મહેનત ચાલુ કરી હતી. એ-ડિવીઝન પોલીસ સ્ટેશન હેઠળની બજારોમાં ત્રણ દિવસના અંતરે આવા બે બનાવ બની ગયા હતાં. જો કે લોકોની પણ થોડીઘણી બેદરકારી જવાબદાર હોય છે. ધૂમ ગિરદી વચ્ચે દાગીના, રોકડ સાચવીને રાખવા જરૂરી છે.

### સિવિલમાં ૨૪ કલાક સારવાર આપવાની તબીબોની ગુલબાંગો પોકળ સાબિત!

# અમરેલીથી રીફર કરાયેલા દાઝેલા બાળકોને રાત આખી રઝળાવ્યા પણ દાખલ ન કર્યા!

## તબીબોએ દીવાળી ટાંકણે જ માનવતા મૂકી કોરાણે : અમરેલી આગેવાનને પણ કોણીએ ચોપડ્યો ગોળ

રાજકોટ મિરર, તા. ૩૧

હજુ તો બે દિવસ પહેલા જ શહેરના સિવિલ તંત્રએ પેપર ટાઈગર બનવાનો ઢોંગ કરી, ૨૪ કલાક સારવાર આપવાના અખબારી અહેવાલો પ્રસિદ્ધ કરાવ્યા હતા. પણ આવી વાહવાહીના ત્રીજા દિવસે જ અમરેલીના બે બાળકોને સારવાર આપવાની વાત તો બાજુએ રહી પણ દાખલ કરવામાં સંબંધિત તબીબોએ સંતાકુકડી રમતા બિચારા બંને બાળકોને અમરેલી પરત ફરવાની નોબત સહવી પડી હતી. દુખની વાત તો ત્યારે સંભાળવા મળી કે અમરેલી તાલુકાના એક આગેવાનને પણ ફરજ પરના એક તબીબે દાખલ કરવાની બાબતે માત્ર માત્ર કોણીએ ગોળ ચોપડતા હવે સિવિલ તંત્રની આવી નાગડદાઈ બાબતે છેક રાજ્યના આરોગ્યમંત્રી સુધી પહોચાડવા જાગૃત લોકોએ કવાયત આદરી છે.

રાજકોટ સિવિલ હોસ્પિટલ તંત્ર દ્વારા દિવાળીના પર્વને લઈને મેડીકલ સેવા માટે સ્ટાફને ખડેપગે કરી દેવામાં આવ્યો હોવાનો સત્તાધીશો દ્વારા બણગા ફૂકવામાં આવી રહ્યા છે. પરંતુ સિવિલ હોસ્પિટલમાં લોલમલોલ ચાલતુ હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. જેમાં અમરેલીમાં બેટરીનો ડટ્ટો ફાટતા બે માસુમ બાળક દાઝી ગયા હતાં. દાઝી ગયેલા બન્ને બાળકોને અમરેલી હોસ્પિટલમાંથી વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ રિફર કરાયા હતાં. પરંતુ સિવિલ હોસ્પિટલના કામચોર તબીબોએ બન્ને બાળકોએ પ્રાથમિક સારવાર આપી દાખલ કરવામાં એક બીજાને ખો આપતા રહ્યા અને દાઝી ગયેલા બાળકોની સારવાર માટે







પરિવાર રાતભર રઝળતો રહ્યો પરંતુ રાજકોટ સિવિલ હોસ્પિટલના તંત્રની બેદરકારીના કારણે બાળકોને સારવાર નહીં મળતા પરિવાર બન્ને બાળકોને લઈ અંતે પરત ફરી ગયા હતા.

આ બનાવ અંગે જાણવા મળતી વિગત મુજબ અમરેલીના વડિયા ગામે ખેત મજુરી અર્થે આવેલા શ્રમિક પરિવારના સાગર માનસીંગભાઈ બોડરિયા (ઉ.વ.૭) અને તેનો મોટોભાઈ ધીરજ માનસીંગભાઈ બોડરિયા (ઉ.વ.૧૧) નામના બન્ને બાળકો લાઈટ વાળી બેટરી વડે રમતા હતા ત્યારે અકસ્માતે બેટરી ફાટતા બન્ને બાળકો ગંભીર રીતે દાઝી ગયા હતાં. બન્ને બાળકોને સારવાર માટે અમરેલી ખસેડવામાં આવ્યા હતાં. જ્યાં એક બાળકને માઈનોર પ્લાસ્ટિક સર્જરીની જરૂરિયાત જણાતા વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યો હતો. અમરેલીથી વધુ સારવાર માટે બન્ને બાળકોને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં પરિવાર દ્વારા લાવવામાં આવ્યા હતાં. પરંતુ સિવિલ હોસ્પિટલના તબીબોની બેદરકારી અને કામચોરીના કારણે બન્ને બાળકોને સારવાર નહીં મળતા બન્ને બાળકો સારવાર માટે કણસી રહ્યા હતા. પરંતુ સિવિલ

હોસ્પિટલના તબીબો એક વોર્ડમાંથી બીજા વોર્ડમાં ખસેડી ખો આપી રહ્યા હતાં. પરિવાર બાળકોની સારવાર માટે આજીજી કરતો રહ્યો પરંતુ સિવિલ હોસ્પિટલના તબીબોની માનવતા મરીપરવારી હોય તેમ આખી રાત સારવાર આપવામાં ન આવી હતી. અને અંતે પરિવાર પોતાના બન્ને બાળકોને લઈને પરત ખીજડિયા ગામે ચાલ્યો ગયો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. અમરેલી તાલુકા ઉપપ્રમુખે મેડિકલ ઓફિસરને સારવાર અર્થે ફોન કર્યો છતાં સારવાર ન મળી બેટરીનો ડટ્ટો ફાટતા ગંભીર રીતે દાઝી જતાં બન્ને બાળકોને તાત્કાલીક સારવાર માટે અમરેલી બાદ રાજકોટ રિફર કરાયા હતાં. પરંતુ બાળકો સારવાર માટે કણસી રહ્યા હતા તેમ છતાં સિવિલ હોસ્પિટલના તબીબોએ માનવતા નેવે મુકી હોય તેમ એક વોર્ડમાંથી બીજા વોર્ડમાં ધકેલી એક બીજાને ખો આપી હતી. આ અંગે અમરેલી તાલુકાના ઉપપ્રમુખ વિપુલભાઈએ રાજકોટ સિવિલ હોસ્પિટલના મેડીકલ ઓફિસરને ફોન કરી ગંભીર રીતે દાઝી ગયેલા બાળકોને સારવાર કરવા ભલામણ કરી હતી. પરંતુ મેડીકલ ઓફિસરે માત્ર હા પાડી હતી. પરંતુ સારવારમાં લોલમલોલ રહ્યાનો આ આગેવાને આક્ષેપ કર્યો હતો.

### આલ્કોહોલ ડિટેક્શન ડોગ 'આદ્રેવ'ની મદદથી ગુજરાતનો સૌ પ્રથમ પ્રોહિબિશન કેસ રાજકોટમાં નોંધાયો

# 'આલ્કોહોલ ડિટેક્શન ડોગ'ની પોલીસ બેડામાં એન્ટ્રી

## તાલીમ પૂર્ણ થયેલા આદ્રેવે રાજકોટની ઢેબર કોલોની ખાતે એક મકાનમાંથી દારૂ બનાવવા વપરતો ઠંડો આથો શોધી કાઢ્યો



રાજકોટ, તા. ૩૧

રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયના માર્ગદર્શન હેઠળ આલ્કોહોલ ડિટેક્શન માટે ગુજરાત પોલીસના સિનિયર ડોગ ટ્રેનિંગ કન્સલ્ટન્ટ દ્વારા 'આદ્રેવ'ને ખાસ તાલીમ અપાઈ છે. બુટલેગરો દ્વારા ઘર, ગાડી કે જમીનમાં ક્યાંય પણ સંતાડી રાખવામાં આવેલા આલ્કોહોલને આ તાલીમબદ્ધ ડોગ શોધી લેશે.

આલ્કોહોલ કે તેને સંલગ્ન કોઇ સામગ્રીની સુગંધ પરખતા જ ડોગ પગના પંજા મારીને કે બાર્કીંગથી ડોગ હેન્ડલરને આલ્કોહોલ અંગે સંકેત આપી દેશે. ગુજરાત પોલીસે રાજ્યમાં આલ્કોહોલ ડિટેક્શન માટે એક ડોગને ખાસ તાલીમ આપીને બુટલેગરો દ્વારા યુક્તિપૂર્વક સંતાડેલા આલ્કોહોલને પકડવા માટે તૈયાર કર્યો છે. આ આલ્કોહોલ ડિટેક્શન ડોગ 'આદ્રેવ'ની મદદથી ગુજરાતનો સૌ પ્રથમ પ્રોહિબિશન કેસ તાજેતરમાં રાજકોટમાં નોંધાયો છે.

રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયના માર્ગદર્શન હેઠળ આલ્કોહોલ ડિટેક્શન માટે ગુજરાત પોલીસ હસ્તકની નરોડા સ્થિત ડોગ ટ્રેનિંગ સ્કુલ ખાતે પોલીસના સિનિયર ડોગ ટ્રેનિંગ કન્સલ્ટન્ટ કર્નલ ચંદનસિંહ રાઠોડ દ્વારા આદ્રેવને ખાસ તાલીમ આપવામાં આવી છે. ૯ માસની તાલીમ પૂર્ણ કરીને પાસ થયેલા આદ્રેવે તાજેતરમાં રાજકોટની ઢેબર કોલોની ખાતે એક મકાનમાંથી દારૂ બનાવવા વપરતો ઠંડો આથો શોધી કાઢ્યો છે.

રાજકોટની ભક્તિનગર પોલીસે આદ્રેવને જ્યા અગાઉ પ્રોહિબિશનના કેસો થયા હોય તેવા ઢેબર કોલોની મફતીયાપરા ખાતે લઇ જવામાં આવ્યો હતો. જ્યા એક મહિલાના ઘરમાંથી ઠંડો આથો શોધી આદ્રેવે તેના ડોગ હેન્ડલરને ઘરમાં સંતાડવામાં આવેલા સંદિગ્ધ મુદ્દામાલ અંગે સંકેત આપ્યો હતો. જેને આધારે આ મકાનમાંથી મુદ્દામાલ પકડી પાડી મહિલા સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

નોંધનીય બાબત છે કે, 'આદ્રેવ' ડોગ એ પ્રથમ આલ્કોહોલ ડિટેક્શન ડોગ છે, જે બુટલેગરો દ્વારા ઘર, ગાડી કે જમીન સહિત કોઇપણ સ્થળે યુક્તિપૂર્વક ક્યાંય પણ સંતાડી રાખવામાં આવેલા આલ્કોહોલને શોધી લેશે. આલ્કોહોલ કે તેને સંલગ્ન કોઇ સામગ્રીની સુગંધ પરખતા જ ડોગ પગના પંજા મારીને કે બાર્કીંગથી ડોગ હેન્ડલરને આલ્કોહોલ અંગે સંકેત આપી દેશે. ગુજરાત પોલીસ તેનો મહત્તમ ઉપયોગ કરશે.



### તબિયતને ટનાટન રાખતાં લીલા શાકભાજીના ભાવોમાં શિયાળાના આગમને પણ કોઇ રાહત નહિ

# શાકભાજીના સતત વધી રહેલા ભાવોથી ગૃહિણીઓ તૌબા તૌબા

## ભાવોમાં ભકડો કરવા પાછળ કોણ કારણભુત? તેનો રસપ્રદ સર્વે થયો હોલસેલર્સ અને રિટેલર્સ કરી જાય છે દાવઃ ખેડૂતોને મળે છે મામુલી ભાવ

રાજકોટ મિરર તા. ૩૧

રાજ્યભરમાં છેક નવરાત્રી સુધી અને ત્યારબાદ પણ વરસાદે વરસવાનું ચાલુ રાખતાં જગતાત પર આફત આવી પડી હતી. અનેકના ઉભા પાક નષ્ટ થઇગયા હતાં તો અનેક ખેડૂતોના તૈયાર મોલ તણાઇ ગયા હતાં. પાછોતરા વરસાદને કારણે રાજ્યભરમાં શાકભાજીના ભાવોમાં પણ ભડકો બોલી ગયો છે. રાજકોટ સહિત રાજ્યભરમાં અને ખાસ કરીને તહેવારના દિવસો વખતે કોઇને કોઇ કારણોસર શાકભાજીના ભાવો વધી જતાં જોવા મળે છે. શાકભાજી ભાવ આખું વર્ષ હવે ન પોષાય તે રેન્જમાં આવી ગયા હોવાથી ત્રસ્ત પ્રજાને લૂંટવા માટે વેપારી આલમ રોજને રોજ કોઈને કોઈ બહાના હેઠળ શાકભાજીના ભાવમાં ભડકો કરી રહ્યા છે. શિયાળાના આરંભે પણ શાકભાજીના ભાવો ન ઘટતાં ગૃહિણીઓમાં દેકારો મચી ગયો છે.

વિગતો જોઇએ ત શાકભાજી અને ફળ બજારના સરવે થતાં ખેડૂતોને છૂટક ભાવની તુલનાએ હોલસેલર્સ અને રિટેઈલર્સ મળીને ૭૦ ટકા રકમ સેરવી લેતા હોવાની હકીકત જાહેર કરી તે વાસ્તવમાં બહાર આવી રહી છે. ભરૂચના સાંસદ મનસુખ વસાવાએ પણ એપીએમસીમાં ખેડૂતો વેપારીઓને હાથે લૂંટાઈ રહ્યા હોવાની એક ફરિયાદ કરી છે. શાકભાજીના ભાવ સતત ઊંચા રહેતા હોવાથી ફુગાવાનો દર પણ ઊંચો જઈ રહ્યો છે. આ સીઝનમાં કમોસમી વરસાદ અને પાકના ઓછા ઉતારાને નામે બૂમરાણ મચાવીને શાકભાજીના ભાવમાં ભડકો કરી દેવામાં આવ્યો છે. એક જમાનો હતો જ્યારે ચોમાસામાં અને શિયાળામાં શાકભાજી એકદમ નીચા આવી જતાં હતા, પરંતુ છેલ્લા થોડા વરસોથી શાકભાજીના ભાવ શિયાળાની કે ચોમાસાની સીઝનમાં પણ ઊંચા જ રહે છે.

પરંતુ તેની સામે ખેડૂતોની આવકમાં અપેક્ષા પ્રમાણેનો વધારો થતો નથી. કારણે વધારેમાં વધારે ફાયદો હોલસેલર્સ અને રિટેઈલર્સ જ ખાઈ જાય છે. તેનાથીય આગળ વધીને વાત કરીએ તો વચોટિયાઓ કે કમિશન એજન્ટ્સ પણ ખેડૂતની આવકમાંથી થોડોગણો હિસ્સો પડાવી લેવાની કવાયત કરી રહ્યા છે. ઉદાહરણ તરીકે જોઈએ તો ઓક્ટોબર મહિનાના ત્રણ અઠવાડિયા સુધી બટાકાનો હોલસેલ માર્કેટમાં છૂટક સરેરાશ કિલોદીઠ ભાવ રૂ.૨૧નો રહ્યો છે. તેની સામે બટાકાના છૂટક ભાવ કિલોદીઠ એરિયા પ્રમાણે રૂ. ૫૦થી ૬૦ના બોલાયા છે. વધુ માલ વેચી દેવા માગતા અને વધુ ટર્નઓવર કરવા માગતા છૂટક વેપારીઓ રૂ.૧૦૦ના અઢી કિલો બટાકા વેચતા હોવાનું પણ જોવા મળ્યું છે.

આમ હોલસેલમાં બટેકાના સરેરાશ કિલોદીઠ રૂ.૨૧ના ભાવ સામે છૂટકમાં ૧૫૦ ટકા ઊંચા રૂ. ૫૦ના સરેરાશ ભાવ જોવા મળ્યા છે. એપીએમસીમાં ઓક્ટોબરના પહેલા ત્રણથી સાડાત્રણ અઠવાડિયા રોજની બટેકાની સરેરાશ આવક ૨૫૦૦૦ ક્વિન્ટલની રહી છે. આ જ રીતે ડુંગળીનો સરેરાશ રૂ. ૩૪થી ૩૭ના ભાવ સામે છૂટક બજારમાં ડુંગળીના રૂ. ૮૦ના ભાવ બોલાયા છે. સાવ કચરા જેવા દેખાલા ફુલાવરના નંગદીઠ રૂ.૫૦થી ૭૦ ખંખેરી રહ્યા છે. ટામેટાંના સરેરાશ રૂ. ૬૬ના કિલોદીઠ ભાવ સામે છૂટક બજારમાં રૂ. ૧૨૦થી ૧૪૦ જેટલા લઈ રહ્યા છે. હોમ ડિલિવરી આપતી કંપનીઓના માલની ગુણવત્તા ખરાબ હોય તો તેમજ તેના માલના વજન પણ ઓછા હોવાની ફરિયાદ છે. આ સંજોગોમાં આમ આદમીને શાકભાજી ન પરવડે તેવી રેન્જમાં આવી રહ્યા છે.

બીજી તરફ ખેડૂતો ચાર માસની મહેનત પછીય નથી કમાતા તેનાથી ઘણું વધારે એપીએમસીના વેપારીઓ ચાર કલાકમાં કમાઈ લે છે. આ સંજોગોમાં ખેડૂતો પાસેથી ખરીદવાના ભાવ અને છૂટકમાં વેચાતા ભાવ વચ્ચેનો ગાળો નિશ્ચિત કરી આપવો જોઈએ. અન્યથા આમઆદમી વેપારીઓના ખેલમાં લૂંટાતા જ રહેશે. શાકભાજી હોલસેલના ભાવ છૂટક ભાવ પર નજર કરીએ તો રિંગણ-ભુટ્ટા રૂ. ૨૪, રૂ.૬૦થી ૮૦, રવૈયા રૂ.૨૪, રૂ. ૬૦થી ૮૦, ટામેટાં-રૂ.૬૦, રૂ. ૧૨૦થી૧૪૦, દૂધી-રૂ.૬૦ તથા રૂ.૭૦થી ૮૦, કોબી-રૂ.૧૮ રૂ. ૬૦થી ૮૦, ભીંડા-રૂ.૨૫, રૂ.૧૨૦ કે વધુ, સરગવો-રૂ.૭૫, રૂ૧૫૦ કે વધુ તથા ફુલાવર જથ્થાબંધ એક કિલોના રૂ.૪૬ તથા છુટક રૂ. ૭૦ નંગના ભાવ બોલાઇ રહ્યા છે. આમ શાકભાજીના ભાવ શિયાળાનો આરંભ થવા છતાં નહિ ઉતરતાં ગૃહિણીઓમાં દેકારો મચી ગયો છે.

### ક્યાંક ઉજાસના પર્વના દિવળા ઝગમગ થયા, ક્યાંક અશ્રુઓ આંખોમાંથી ચોધાર વહ્યા

# કરૂણ દિવાળીઃ મહિલાનું લિફ્ટમાં ફસાતાં મોત, વેપારીએ ખાધો ફાંસો

## ઝેરી દવાવાળી ડોલમાંથી પાણી પી લેતાં મહિલાનો જીવ ગયોઃ પ્રૌઢનું હૃદય બેસી જવાથી મોતઃ યુવાનનું વાહન અકસ્માતમાં મૃત્યુ

**(દર્શનસિંહ જાડેજા દ્વારા)**
**રાજકોટ મિરર તા. ૩૧**

દિવાળી નવા વર્ષનો તહેવાર ખુશીઓનો તહેવાર છે. દરેક લોકો પોતાની રીતે આ તહેવારની ઉજવણી કરતાં હોય છે. જો કે અમુક પરિવારોમાં આ મોટા તહેવારના દિવસોમાં જ દુઃખના પહાડ તૂટી પડતાં હોય છે. ક્યાંક ઉજાસના પર્વમાં ખુશીઓના દિવડા ઝગમગતાં રહે છે, તો ક્યાંક આઘાતજનક ઘટનાઓને કારણે સ્વજનોની આંખોમાંથી અશ્રુ અનરાધાર વહે છે. કંઇક આવી જ ઘટનાઓ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં નોંધાઇ છે. જેમાં એક મહિલાનું માલવાહક લિફ્ટમાં ફસાઇ જવાથી મોત થયું હતું. એક યુવાને ગળાફાંસો ખાઇને આપઘાત કર્યો હતો. એક મહિલા ઝેરી દવાવાળી ડોલમાંથી પાણી પી જતાં જીવ ગયો હતો. એક પ્રૌઢનું હાર્ટએટેકથી મૃત્યુ થયું હતું. એક યુવાનનું વાહન અકસ્માતમાં મૃત્યુ થયું હતું.

દિવાળીનો તહેવાર જે પરિવારો માટે શોક આપનારી ઘટનાઓને કારણે માતમનો તહેવાર બની ગયો તેવી ઘટનાઓ પર નજર કરીએ તો શહેરના ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન સામે દોઢસો રીંગ રોડ પર નાગરિક બેંકવાળી શેરીમાં આવેલા ટુર ટ્રાવેલ્સ સંચાલકના ઘરે કામ કરવા આવતાં નવાગામના મહિલા રાતે દસેક વાગ્યે આ મકાનના પાછળના ભાગે ફળીયામાં આવેલી માલવાહક લિફ્ટમાં ફસાઇ જતાં કમકમાટી ભર્યુ મોત થયું હતું. મહિલા એવી રીતે ફસાઇ ગયા હતાં કે માથુ નીચે હતું અને પગ ઉપરની સાઇડમાં હતાં. ઇલેક્ટ્રીક કટરથી લોખંડના ગડર કાપીને તેમને બેભાન હાલતમાં બહાર કાઢી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ ઓમ મૃતદેહ જ પહોંચ્યાનું જાહેર થયું હતું. નવાગામ માંધાતા સોસાયટીમાં રહેતાં સાડત્રીસ વર્ષના રેખાબેન શૈલેષભાઇ રાવરાણી એકસો પચાસ ફુટ રીંગ રોડ પર નાગરિક બેંકવાળી શેરીમાં ટૂર ટ્રાવેલ્સના સંચાલક શૈલેષભાઇ પાંભરના ઘરે પાછળના ફળીયાના ભાગે માલવાહક લિફ્ટ પાસે ઉભા રહીને નાસ્તો કરી રહ્યા હતાં.

આ વખતે એકાએક માલવાહક લિફ્ટ ચાલુ થતાં તેમાં ફસાઇ ગયા હતાં. બનાવને પગલે દોડધામ મચી ગઇ હતી અને લોકો પણ ભેગા થઇ ગયા હતાં. નજીકમાં ગેરેજ હોઇ ત્યાંથી કોઇ કટર લાવ્યું હતું અને ફસાયેલા રેખાબેનને લિફ્ટના લોખંડના ગડર કાપી બહાર કાઢ્યા હતાં. બેભાન હાલતમાં સિવિલમાં ખસેડાયા હતાં પરંતુ અહિ મૃતદેહ જ પહોંચ્યાનું જાહેર થતાં કલ્પાંત સર્જાયો હતો. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે







કરતાં યુનિવર્સિટી પોલીસ મથકના હેડકોન્સ. મનોજભાઇ મકવાણા તથા રાઇટર જયદિપભાઇએ જરૂરી કાર્યવાહી કરી હતી. વધુ માહિતી અનુસાર મૃત્યુ પામનાર રેખાબેનના પતિ વાળંદ કામ કરે છે. રેખાબેન ટૂર ટ્રાવેલ્સ ઓપરેટર શૈલેષભાઇ સાથે યાત્રા ટૂરમાં વડિલોની દેખરેખ અને રસોઇનું કામ કરવા માટે જતાં હતાં. દિવાળીના તહેવારમાં આ બનાવ બનતાં બે સંતાને માતા ગુમાવી દેતાં રાવરાણી પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો.

બીજા બનાવની વિગતો જોઇએ તો રણછોડનગર પાસે ચંપકનગર-૩માં રહેતાં ઓગણચાલીસ વર્ષના જીતેન્દ્રભાઇ મનસુખભાઇ ચૌહાણ નામના યુવાને ભાવનગર રોડ પટેલ વાડી નજીક અમન ઘૂઘરા પાસે સત્સંગ કોમ્પલેક્ષમાં ત્રીજા માળે આવેલી પોતાની ઇમિટેશનની ઓફિસમાં ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. વધુ માહિતી મુજબ આ ઘટનાની જાણ થતાં બી-ડિવીઝન પોલીસે ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી હતી. દિવાળીને દિવસે જ આપઘાત કરી લેનારા જીતેન્દ્રભાઇ એક બહેનથી મોટા અને માતા-પિતાના એકના એક પુત્ર હતાં. તેને સંતાનમાં બે પુત્ર છે. જીતેન્દ્રભાઇના પિતા બૂક બાઇડીંગનું કામ કરે છે. સવારે તેઓ પત્નિ રેખાબેનને ગાંઠીયા લઇને હમણા આવું છું...તેમ કહીને ઘરેથી નીકળ્યા બાદ મોડે સુધી ન આવતાં તપાસ થતાં તેણે ઓફિસમાં આ પગલુ ભરી લીધાની ખબર પડતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. જીતેન્દ્રભાઇ ચૌહાણનો મગજ ભમતો હોઇ તેની દવા ચાલુ હતી. આ કારણે પગલુ ભરી લીધુ હોઇ શકે.

ત્રીજા બનાવમાં ગોંડલના હડમતાળામાં ઘનુભા જાડેજાની વાડીએ રહેતી ચોવીસ વર્ષની વર્ષાબેન નિકુંજભાઇ નાયકને સાંજે ઝેરી અસર થતાં ગોંડલ સારવાર અપાવી રાજકોટ સિવિલમાં ખસેડાઇ હતી. પરંતુ મોડી રાતે દમ તોડી દીધો હતો. વર્ષાબેનના લગ્ન ચાર વર્ષ પહેલા થયા હતાં. પતિએ કહ્યું હતું કે ખેતરમાં દવા છાંટ્યા બાદ ડોલ ખાલી કરીને રાખી હતી તેમાં ભુલથી પત્નિ વર્ષા પાણી ભરીને પી ગયા બાદ ઉલ્ટીઓ થવા માંડી હતી અને બેભાન થઇ ગયા બાદ સારવારમાં મૃત્યુ થયું હતું. ચોથા બનાવમાં લજાઇ ચોકડીએ ખ્યાતિ કંપની નજીક બ્રીજેશ પ્રતિકભાઇ ઠાકુર તથા શ્યામ વિષ્ણુભાઇ પાસવાનને ૨૮મીએ રાતે બારેક વાગ્યે લજાઇ ચોકડી પાસે બાઇક ડિવાઇડરમાં અથડાતાં અકસ્માતમાં ઇજા થતાં સારવાર માટે રાજકોટ ખસેડાયા હતાં. અહિ ગત રાતે શ્યામ પાસવાનનું મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે ટંકારા પોલીસને જાણ કરી હતી.

પાંચમા બનાવમાં મવડી પ્લોટ ઉદયનગર-૨ શેરી નં. ૮માં રહેતાં બાવન વર્ષના રમણીકભાઇ મોહનભાઇ ભંડોરા નામના પ્રૌઢ સવારે ઘરે હતાં ત્યારે એકાએક બેભાન થઇ ઢળી પડતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દેતાં સ્વજનોમાં શોક છવાઇ ગયો હતો. હાર્ટએટેક આવી ગયાનું જણાવાયુ.હતું. રમણીકભાઇ ત્રણ બહેન અને બે ભાઇમાં બીજા હતાં. સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. પોતે ઇલેક્ટ્રીક કામ કરતાં હતાં. આમ પાંચ ઘટનાઓમાં જે તે પરિવારજનોની દિવાળીનો તહેવાર શોકમાં પલ્ટાઇ ગયો હતો.